આ
ત્મ
ધ
ર્મ



આ
ત્મ
ધ
ર્મ

તારી પર્યાયમાં સિદ્ધોને સ્થાપ્યા છે તેથી તું અલ્પજ્ઞપણે ને રાગપણે રહી શકશે નહીં, હવે સર્વજ્ઞ સ્વભાવમાં જ તું જઈશ ને સર્વજ્ઞ થઈશ—એમ હે શ્રોતા! તું નિઃસંદેહ જાણ.

—મંગલ આર્શીર્વચન; પરમ પૂજ્ય ગુરુદેવશ્રી

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની સાધનાભૂમિ મધ્યે

## શ્રી પંચમેરુ-નંદીશ્વર-જિનાલયનો

# પંચકલ્યાણક-પ્રતિષ્ઠા મહોત્સવ

[ તા. ૨૦-૨-૮૫ થી તા. ૨૭-૨-૮૫ ]

અધ્યાત્મ તીર્થધામ સોનગઢમાં પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી સ્મારકયોજના અંતર્ગત 'શ્રી દિગંબર જૈન પંચમેરુ-નંદીશ્વર-જિનાલય', 'ગુરુદેવશ્રી કાનજીસ્વામી વચનામૃતભવન' તથા 'બહેનશ્રી ચંપાબેન વચનામૃતભવન'—એ નામનું એક ભવ્ય વિશાળ જિનમંદિર તથા પૂજ્ય ગુરુદેવશ્રીના સમાધિમંદિરનું નવનિર્માણ થઈ રહ્યું છે; મોટા ભાગનું કામ થઈ ગયું છે અને બાકીનું કામ પૂરું થવામાં છે, પ્રતિમાજી તેમ જ પંચમેરુ-નંદીશ્વરની રચનાઓ તથા સ્વસ્તિક સહિત આરસ-કમળ—જે સમાધિમંદિરમાં સંસ્થાપિત કરવાનું છે તે—વગેરેના ઓર્ડર અપાઈ ચૂકયા છે અને તે બધું કામ વખતસર પૂર્ણ થઈ જશે; તેથી પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના મહાન પ્રભાવના ઉદયે અને પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની મંગલવર્ધિની છત્રછાયામાં સોનગઢ તીર્થધામ મધ્યે શ્રી પંચમેરુ-નંદીશ્વર-જિનાલય તથા ઉપરની વેદીમાં બિરાજમાન થનાર મૂળનાયક શ્રી આદિનાથ ભગવાન વગેરે જિનભગવંતોનાં વીતરાગભાવવાહી દિગંબર જિનબિંબોની પંચકલ્યાણકપુરઃસર પાવન પ્રતિષ્ઠા કરવાનું નક્કી થયું છે પૂજ્ય ગુરુદેવશ્રીની સદેહે અનુપસ્થિતિ હોવા છતાં તેઓશ્રીની પરોક્ષ રીતે હાજરીમાં આ પ્રતિષ્ઠામહોત્સવ ભવ્ય રીતે ઊજવવાનો સમગ્ર મુમુક્ષુ સમાજમાં કોઈ અનેરો ઉલ્લાસ વર્તી રહ્યો છે.

આ મંગલ પ્રતિષ્ઠાનું ઉત્તમ મુહૂર્ત વિ. સં. ૨૦૪૧, ફાગણ સુદ ૭, બુધવાર, તા. ૨૭-૨-૮૫ના શુભ દિને આવ્યું છે. આ મંગલ મહોત્સવ ફાગણ સુદ ૧, બુધવાર, તા. ૨૦-૨-૮૫ થી ફાગણ સુદ ૭, બુધવાર, તા. ૨૭-૨-૮૫—એમ આઠ દિવસનો રાખવામાં આવ્યો છે.

[ અનુસંધાન માટે જુઓ પાનું ૩૧ ]

કહાન સંવત-૪ વર્ષ-૪૧ અંક-૫ [ ૪૯૩ ]
વીર સંવત ૨૫૧૧ A. D. 1984 NOV.




# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## ✻ મંગલ સુપ્રભાતની બોણી ✻

[ નૂતન વર્ષની મંગલ સુપ્રભાતે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના હૃદયોદ્ગાર ]

આજે સુપ્રભાત છે, આપણે કળશ ટીકામાં સુપ્રભાત આવે છે. ત્યાં તો અનંત જ્ઞાન, અનંત દર્શનને સુપ્રભાત કહ્યું છે પણ સમ્યગ્દર્શન થાય, એ પણ સુપ્રભાત—બીજરૂપે સુપ્રભાત છે. અખંડ આનંદ સ્વરૂપ પ્રભુ, એના આશ્રયે સમ્યગ્દર્શન થાય એ પણ એક સુપ્રભાત છે, એ દિવસ ઊગ્યો એને સુપ્રભાત છે. અહીં તો ૩૮ મી ગાથામાં ત્યાં સુધી કહ્યું છે ને!—કે પંચમઆરાના સંત-ગુરુ અપ્રતિબુદ્ધને સમજાવે છે, આહાહા! અનાદિ અપ્રતિબુદ્ધ અજ્ઞાનીને ગુરુ વારંવાર સમજાવે છે, એનો અર્થ વારંવાર એ વિચાર કરે છે. પંચમકાળના શ્રોતાને ગુરુ સમજાવે છે. એ સાંભળીને, અંતર અનુભવીને, જેને સમ્યગ્દર્શન થાય છે એ શ્રોતા એમ કહે છે કે હું એક શુદ્ધ ચૈતન્યઘન છું, દર્શન-જ્ઞાન-ચારિત્રથી પરિણમિત છું અને તે પરિણમિત થયેલી ચીજ મને ફરી પાછી પડે એવો હું નથી. આહાહા! પંચમ આરાના શ્રોતાની આ વાત! ઓછી વાત નથી. આગમ યુક્તિથી ને અનુભવથી જે અમને આત્મજ્ઞાન થયું તે હવે અમને ફરીને પડવાનું નથી. ઓહોહો, પંચમઆરાના શ્રોતાની આ દશા! ભલે કોઈ થોડા શ્રોતા પાકે પણ એ શ્રોતાની આવી જ દશા હોય. અહાહા; શું શૈલી! જીવ અધિકાર પૂર્ણ કરતાં ૩૮ ગાથામાં, પંચમઆરામાં

આત્માનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જેણે સાંભળ્યું, સાંભળીને જેણે મનન કર્યું, ધ્યાનમાં જેને પ્રાપ્ત થયું એ શ્રોતા એમ કહે છે કે અમારું આ સમ્યગ્દર્શન-જ્ઞાન અપ્રતિહત છે. એ પાછું ફરવાનું નથી. અરે પંચમઆરાના શ્રોતા ભગવાન પાસે ગયા નથી ને! કહે છે કે ભગવાન પોતે છે એની પાસે ગયો છે તેથી એને અંતરમાં એવું અપ્રતિહત દર્શન થયું છે. અહાહા! ગજબ વાત છે. એનું નામ જઘન્યભાવની-શરૂઆતની સુપ્રભાત કહેવામાં આવે છે.

ઉત્કૃષ્ટ ભાવરૂપ કેવળજ્ઞાન એ તો અત્યારે નથી છતાં પણ જે સમ્યગ્દર્શન પામેલ છે એને અલ્પ ભવમાં કેવળજ્ઞાન થવાનુ જ છે, એમાં કાંઈ ફેરફાર છે જ નહીં તેથી તેને જે સુપ્રભાત ઉદ્યોત થવાનું છે એનું અત્યારે જ માંગલિક કરે છે કે અમે સર્વજ્ઞપણું પામવાના છીએ, અમને કેવળજ્ઞાન થવાનું છે ઓહોહો! આનું નામ મંગલ સુપ્રભાત છે.

'મમ્' નામ પરનો અહંકાર, એને 'ગલ' નામ જેણે ગાળ્યો છે તે માંગલિક છે. આહાહા! રાગને પર્યાયનું અહમ્પણું એવા જે મિથ્યાત્વ-ભાવ તેને શુદ્ધ ચૈતન્ય ઘનમાં અહમ્પણું માનીને, જેણે ગાળ્યો તેને અહીંયા માંગલિક કહેવામાં આવે છે.

ખરેખર તો પંચપરમેષ્ઠી—અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુપણું એ આત્માનું જ સ્વરૂપ છે—એમ યોગીન્દ્રદેવમાં આવે છે. આત્મામાં જ અર્હંતપણું, સિદ્ધપણું, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુપણું-પંચ પરમેષ્ઠીપણું ભરેલું છે. આત્મા પોતે જ પંચપરમેષ્ઠી સ્વરૂપ છે. અહાહા! એને (-આત્માને) અહીં માંગલિક તરીકે, ઉત્તમ તરીકે, શરણ તરીકે કહેવામાં આવ્યો છે. *

આત્મા સત્-ચિદાનંદ જ્ઞાન સૂર્ય છે, ચૈતન્ય પ્રકાશ છે. સૂર્ય-ચંદ્ર-દીપક વીજળી આ બધા પ્રકાશો એ તો જડ, અચેતન અને અજ્ઞાન સ્વરૂપ છે, જ્ઞાન-સૂર્ય તો જીવતો પ્રકાશ છે, રાગ પણ અંધકાર છે. સૂર્ય, ચંદ્ર, દીપક, વીજળી કે રાગ એની હયાતીનાં એને પણ કયાં ખબર છે? એનો પ્રકાશનારો ચૈતન્ય પ્રકાશ છે, એનું પૂર્ણ પ્રગટ થવું તે કેવળજ્ઞાન સુપ્રભાત છે. અંશે પ્રગટ થવું તે સમ્યગ્જ્ઞાન સુપ્રભાત છે. આવા સમ્યગ્જ્ઞાન પ્રકાશને પ્રગટાવવો તે સાચું સુપ્રભાત છે. *

“ આજે મંગળ દિવસ છે અને માંગલિકનું કારણ છે.
મંગ એટલે આત્માની પવિત્રતા જેમાં પ્રગટ થાય,
મમ એટલે અહંકાર જેમાં ગળે એનું નામ પવિત્રતા,
એનું નામ માંગલિક. એ માંગલિક રૂપે નિયમસારની,
૪૩ મી ગાથામાં આત્મા આવો છે એમ કહ્યું.”

નિર્દંડ ને નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર નીરાગ છે,
નિર્દોષ નિર્ભય, નિરવલંબન, આતમા નિર્મૂઢ છે.

(નિયમસાર ગાથા-૪૩)

૪૩ એટલે ૪ + ૩ = ૭, સાત પ્રકૃતિનો નાશ કરે અને વીતરાગતા પ્રગટ કરે એવા નવ બોલ આ ૪૩ મી ગાથામાં છે.

ત્રિકાળી ભગવાન, જેમાં દ્વંદ્વ નથી—બેપણું નથી, અદ્વૈત અખંડાનંદ પ્રભુ છે. એવો જે સમભાવી વીતરાગસ્વરૂપ પ્રભુ, તેનો નિર્ણય વિકલ્પ કે નિમિત્ત કે ધ્રુવ કરતો નથી, પરંતુ તેનો નિર્ણય પર્યાય કરે છે. ધ્રુવનો નિર્ણય પર્યાય કરે છે કે: હું આ આત્મા,—નિર્દંડ તે આત્મા, નિર્દ્વંદ્વ તે આત્મા, નિર્મમ તે આત્મા, શરીર રહિત તે આત્મા નિરાલંબ તે આત્મા, નીરાગ તે આત્મા, નિર્દોષ તે આત્મા, નિર્મૂઢ તે આત્મા, નિર્ભય એટલે કે મારા દુર્ગ–કિલ્લામાં કોઈનો પ્રવેશ નથી એટલે ધ્રુવનો એવો કિલ્લો છે કે એમાં કોઈનો પ્રવેશ નથી—એવો છું. આત્માને આવો જાણવો, એવી દૃષ્ટિ કરવી અને અનુભવ કરવો એ માંગલિક છે. આ દિવસ પણ મંગળ છે અને માંગલિકની આ વાત ૪૩ મી ગાથામાં આવી છે. પૂર્ણાનંદનો નાથ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન છે, તેને વર્તમાન નિર્મળ પર્યાય ગ્રહે છે કે ‘આ હું છું, આ હું છું, આ આત્મા હું છું’—એમ દ્રવ્યની સન્મુખ થયેલી પર્યાય આ રીતે દ્રવ્યનો સ્વીકાર કરે તે માંગલિક છે.

# * મૂંઝવણમાંથી માર્ગ શોધી કાઢ *

'જેને લાગી છે તેને જ લાગી છે'...પરંતુ બહુ ખેદ ન કરવો. વસ્તુ પરિણમનશીલ છે, કૂટસ્થ નથી; શુભાશુભ પરિણામ તો થશે. તેને છોડવા જઈશ તો શૂન્ય અથવા શુષ્ક થઈ જઈશ. માટે એકદમ ઉતાવળ ન કરવી. મુમુક્ષુ જીવ ઉલ્લાસનાં કાર્યોમાં પણ જોડાય. સાથે સાથે અંદરથી ઊંડાણમાં ખટક રહ્યા જ કરે, સંતોષ ન થાય. હજુ મારે જે કરવાનું છે તે બાકી રહી જાય છે—એવી ઊંડી ખટક નિરંતર રહ્યા જ કરે છે, તેથી બહારમાં ક્યાંય તેને સંતોષ થતો નથી; અને અંદર જ્ઞાયકવસ્તુ હાથ આવતી નથી. એટલે મૂંઝવણ તો થાય પણ આડો-અવળો નહીં જતાં મૂઝવણમાંથી તે માર્ગ શોધી કાઢે છે. ૩૩.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

જેને લાગી છે તેને જ લાગી છે ...પરંતુ ખેદ ન કરવો. અતીન્દ્રિય આનંદનો સ્વાદ ન આવે પણ ખેદ ન કરવો. વસ્તુ પરિણમનશીલ છે, કૂટસ્થ નથી. માટે મૂંઝાવું નહીં. ધીરજથી આત્મામાં જવાનો પ્રયોગ કરવો. સમ્યગ્દર્શન પહેલાની આ વાત છે. સમ્યગ્દર્શન કાંઈ હઠથી ન થાય, એ તો સહજ દશા છે, માટે ઉતાવળ ન કરવી, ધીરજ રાખવી.

આ તો બેનની અંતર અનુભવની વાણી છે. અંતર અનુભવના સ્વાદ લેતાં લેતાં આ વાણી નીકળી ગઈ છે. તે અહીં કહે છે કે પોતામાં શુભાશુભ પરિણામ તો થશે તેને છોડવા જઈશ તો શુષ્ક થઈ જઈશ કે શૂન્ય થઈ જઈશ. અનુભવમાં આવ્યો નથી ને શુભાશુભભાવ છોડવા જશે તો શૂન્ય કે શુષ્ક થઈ જશે. માટે એકદમ ઉતાવળ ન કરવી. ધીમેથી ધીરજથી રાગથી હટવાનો પ્રયત્ન કરવો.

મુમુક્ષુ જીવ ઉલ્લાસના કાર્યમાં પણ જોડાય. અરે! સમકિતી સૌધર્મ-ઈન્દ્ર પણ ભગવાન પાસે ઘૂઘરા બાંધીને નાચે! મુમુક્ષુ જીવ કે જેને અંદરની લગની લાગી છે તે બહારમાં ઉલ્લાસના કાર્યોમાં પણ જોડાય, પરંતુ સાથેસાથ અંદરથી ઊંડાણમાં ખટક રહ્યા જ કરે કે અરે! હું આ નહીં; સંતોષ ન થાય.

મુમુક્ષુ અંદર જવાનો પ્રયત્ન કરે; ઉતાવળ પણ ન કરે ને સંતોષાઈ પણ ન

[ અનુસંધાન પાનું ૨૭ ]

# ત્રણ લોકમાં તારો આત્મા જ તારા માટે પ્રધાનદેવ છે. માટે તું એક તારા આત્માની જ આરાધના કર

[ શ્રી યોગસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

( સળંગ પ્ર. નં. ૨૬ )

આ યોગસાર શાસ્ત્ર ચાલે છે. ૭૧ મો શ્લોક છે. યોગીન્દ્રદેવ કહે છે કે જ્ઞાની પુણ્યને પણ પાપ કહે છે.

પાપરૂપને પાપ તો, જાણે જગ સહુ કોઈ,
પુણ્યતત્ત્વ પણ પાપ છે, કહે અનુભવી બુધ કોઈ. ૭૧.

હિંસા, જૂઠું, ચોરી આદિના અશુભભાવોને તો આખી દુનિયા પાપ કહે છે પણ અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આદિના શુભભાવને પણ પાપ કહેનારા કોઈ અનુભવી જ્ઞાની જ હોય છે. જેમ પાપભાવ બંધનું કારણ છે તેમ પુણ્યભાવ પણ બંધનું જ કારણ છે. બંને આકુળતા ઉપજાવનારા છે. માટે જ્ઞાની બંનેને પાપ જ કહે છે.

જ્ઞાની કર્મક્ષયકારક, આત્મા આનંદદાયક, એક શુદ્ધોપયોગને જ માન્ય કરે છે એટલે કે આદરણીય માને છે. જેવો પરમાત્માનો સ્વભાવ છે તેવો જ પોતાનો આત્મા છે. એવા આત્માની દૃષ્ટિ કરતાં જે શુદ્ધ આચરણ પ્રગટે છે તે જ ઉપાદેય છે, હિતકારક છે. પુણ્ય-પાપભાવ કર્મબંધનના કારણો છે તેનાથી વિરુદ્ધ શુદ્ધભાવ કર્મક્ષયનું કારણ છે. પુણ્ય-પાપભાવ દુઃખકારક છે તો શુદ્ધાત્માની દૃષ્ટિ, જ્ઞાન અને શુદ્ધઉપયોગ આનંદદાયક છે. આત્મા પોતે આનંદસ્વરૂપ છે તેથી તેનો અંતર વ્યાપાર-ઉપયોગ પણ આનંદદાયક છે. પુણ્ય-પાપ ભાવમાં—પુણ્યમાં આકુળતા અને પાપમાં તીવ્ર આકુળતા છે, પણ બંનેમાં—આકુળતા અને દુઃખ જ છે.

ધર્મીજીવને પણ શુભ-અશુભભાવ આવે છે પણ ધર્મી તેને હિતકારક માનતા નથી. ધર્મીની દૃષ્ટિ તો આત્મા ઉપર છે. તેથી તેને તો એવી જ ભાવના હોય છે કે હું નિરંતર મારા આત્મબાગમાં રમું, આત્મામાં એકાગ્રતા કરીને નિરંતર વીતરાગભાવની સેવા કરું અને સિદ્ધ સમાન મારા પદમાં જ પ્રેમ કરું; એવી જ્ઞાનીને નિરંતર ભાવના રહે છે.

જ્ઞાનીને હજુ આત્મવીર્યની કમી હોવાથી કર્મોદયવશ ગૃહસ્થને યોગ્ય બધાં કાર્ય કરે છે. દયા, દાન, પૂજા પણ કરે છે, પણ તેની પાછળ તેને પાંચ ઈન્દ્રિયના ભોગોની

લાલસા નથી. પુણ્યબંધ કે પુણ્યફળની તેને ચાહના નથી. જેનાથી પોતાનું શુદ્ધસ્વરૂપ બંધનમાં આવી જાય એવા ભાવને જ્ઞાની હિતકર કેમ માને? ન જ માને ધર્મી જ્ઞાની શુદ્ધસ્વરૂપની રુચિવંત ધર્માત્મા મુક્તિના પથિક છે, સંસારના પથિક નથી. બંધનથી છૂટવાના પથિક છે, તેથી પુણ્યને પણ પાપ સમાન જાણીને છોડવા માંગે છે.

જેને આત્માનો પવિત્ર ધર્મ પ્રગટ કરવો છે અને પૂર્ણાનંદસ્વરૂપ મોક્ષની જેને ભાવના છે તેણે સર્વ પુણ્ય પાપ છોડવા યોગ્ય છે. તેની દૃષ્ટિમાં આત્માનું જ્ઞાન હોય, આત્માની રુચિ હોય, પુણ્ય-ભાવની રુચિ ન હોય, તો જ તે સાચો મોક્ષાર્થી છે.

હવે યોગીન્દ્રદેવ કહે છે કે પુણ્યભાવ સુવર્ણની બેડી છે અને પાપ લોખંડની બેડી છે. બંને બેડી છે. બંધન કરાવનાર છે, મુક્તિ આપનાર નથી.

લોહબેડી બંધન કરે, સોનાની પણ તેમ,
જાણી શુભાશુભ દૂર કરે, તે જ જ્ઞાનીનો મર્મ. ૭૨.

વનવાસી દિગંબર સંત કહે છે કે હે પંડિત! પાપભાવ લોખંડની બેડી અને પુણ્યભાવ સોનાની બેડી છે. એ બંને બંધનભાવથી રહિત અબંધ સ્વભાવી આત્માની દૃષ્ટિ કર તો તું સાચો પંડિત છો. પહેલાં તો સમજણમાં એમ લે કે પુણ્ય-પાપ બંને બંધન છે, પછી તે બંને ભાવોનો ત્યાગ કર. શુભાશુભભાવની દૃષ્ટિ છોડી પૂર્ણ શુદ્ધ નિજસ્વરૂપમાં આવી જા! પુણ્ય ઠીક અને પાપ અઠીક એમ માનનાર તો મિથ્યાદૃષ્ટિ જ છે. પુણ્ય-પાપભાવમાં ચૈતન્યનું નૂર-તેજ નથી. બંને કર્મ જીવને સંસારમાં ફસાવનાર છે. માટે મોક્ષાર્થીને ઉચિત છે કે તે બંને ભાવોને સંસારમાં બાંધનાર બેડી જાણીને તેની રુચિ છોડીને મુક્તિનો ઉપાય કરે.

જેમ ક્રોધ-માન-માયા-લોભ, હિંસા, ચોરી આદિ અશુભભાવથી ઘાતિકર્મ બંધાય છે તેમ શુભભાવથી પણ ઘાતિકર્મ બંધાય છે. ઘાતીકર્મમાં એકલી પાપ–પ્રકૃતિ જ છે. અઘાતિકર્મમાં પુણ્યભાવથી અનુકૂળ સંયોગો મળે એવા શુભ કર્મો બંધાય છે અને પાપભાવથી પ્રતિકૂળ સંયોગો પ્રાપ્ત થાય તેવાં અશુભ કર્મો બંધાય. પણ જ્ઞાનાવરણી, દર્શનાવરણી આદિ ચાર ઘાતિકર્મોમાં તો શુભાશુભ બંને ભાવથી એકલો પાપ બંધ જ પડે છે. આથી અતીન્દ્રિય આનંદનો સ્વાદ લીધો છે એવા ધર્મી જીવને શુભભાવમાં તથા તેના ફળમાં મળતાં પાંચ ઇન્દ્રિયના વિષયોમાં પણ રુચિ નથી, તેમાં સુખબુદ્ધિ થતી નથી. કારણ પુણ્યપરિણામથી પણ આત્મઘાત જ થાય છે.

પુણ્યના ફળમાં પ્રાપ્ત થતાં વિષયોમાં ફસાઈ જવાથી અજ્ઞાની જીવો નરક નિગોદ આદિમાં ચાલ્યા જાય છે. પરમાત્મપ્રકાશમાં યોગીન્દ્રદેવ જ લખે છે કે પુણ્યના ફળમાં વૈભવ મળે અને વૈભવમાં અભિમાન થતાં પાપભાવ વડે જીવ નરકમાં ચાલ્યો જાય છે.

પુણ્યના ફળમાં દેવપદ મળે અને દેવમાંથી સીધો એકેન્દ્રિયમાં ચાલ્યો જાય. તૃષ્ણામાં દેવના વૈભવ ભોગવવાની ઇચ્છા છે એવા મિથ્યાદષ્ટિની આ વાત છે. પુણ્યના ફળ અને ઇન્દ્રિયવિષયોને ભોગવવાની લોલુપતામાં દેવપર્યાયમાં પણ મિથ્યાદષ્ટિજીવ દુઃખી છે અને ત્યાંથી પાછો એકેન્દ્રિય આદિ હલકી પર્યાયમાં ચાલ્યો જાય છે. ૧૨માં સ્વર્ગ સુધીના દેવો મરીને પશુ થાય છે, નવમી ગ્રૈવેયક સુધીના દેવો મરીને મનુષ્ય થાય છે અને ત્યાં પણ તૃષ્ણારૂપી રોગથી પીડાય છે. "આત્મભ્રાંતિ સમ રોગ નહિ" આત્માને ભૂલીને ઇન્દ્રિયસુખ અને પુણ્યમાં પ્રીતિ રહેવી તે જ આત્મભ્રાંતિનો રોગ છે. તેના જેવો બીજો મોટો કોઈ રોગ નથી.

પોતે ભગવાન હોવા છતાં બહારનાં સંયોગો—મકાન, સ્ત્રી, પુત્ર, ફિલમ, દોલત આદિ જડ વસ્તુઓ પાસે સુખની ભીખ માંગે છે. તૃષ્ણારૂપી ક્ષય રોગ લાગુ પડ્યો છે, તેમાં પીડાતો ઇન્દ્રિયવિષયો પાસે સુખની ભીખ માંગે છે. પણ પ્રતિકૂળતા, રોગ, નિર્ધનતા આદિ દુઃખના સાધન મળવાથી જેવી આકુળતા થાય છે તેવી જ આકુળતા તૃષ્ણારૂપી રોગથી થાય છે. આ જીવે અનંત વાર દેવ, મનુષ્ય, મોટા રાજા આદિના વૈભવો પ્રાપ્ત કર્યા પણ આ તૃષ્ણારોગ મટ્યો નહિ. કેમ કે આત્માના આનંદની રુચિ વિના તૃષ્ણાનો દાહ શમન થઈ શકતો નથી.

ધર્મીજીવ પાંચ ઇન્દ્રિયના વિષયોને હેય–છોડવા લાયક સમજે છે. તેથી વિષય-સુખના કારણભૂત પુણ્યકર્મને પણ હેય સમજે છે અને તેથી પુણ્યકર્મના કારણભૂત શુભભાવને પણ જ્ઞાની હેય સમજે છે, તેથી વિરુદ્ધ, અજ્ઞાની જીવ ઇન્દ્રિયવિષયોમાં સુખ માને છે તેથી તેના કારણ એવા પુણ્ય-કર્મના બંધનને પણ સુખરૂપ માને છે અને તેના કારણભૂત શુભભાવને પણ સુખરૂપ અને ઉપાદેય માને છે. શુભાશુભભાવને જેણે અધિક માન્યાં છે તેણે આત્માને હીન માન્યો છે. તેને આત્મા પ્રત્યે પ્રેમ નથી પણ વિષયો અને વિષયોના કારણ પ્રત્યે પ્રેમ છે.

શુદ્ધ ચિદાનંદ નિજ આત્માની રુચિવાળો અનુભવી જીવ ભલે પશુ હોય તો પણ તેને આત્માનો અતીન્દ્રિય આનંદ છે, વાસ્તવિક સુખ છે. નાનું એવું દેડકું હોય કે ચકલી હોય તે પણ આત્મા છે ને! તેને આત્માનો અનુભવ થઈ શકે છે. ભગવાનના સમવસરણમાં તો સર્પ, સિંહ આદિ ક્રૂર હિંસક પ્રાણીઓ પણ જાય છે. ત્યાં જો આત્માની દૃષ્ટિપૂર્વક અનુભવ કરી લે તો તેને પણ અતીન્દ્રિય આનંદ પ્રગટે છે. કોઈ તો વિશેષ લીનતા કરીને પાંચમું ગુણસ્થાન પણ પ્રગટ કરે છે. પછી એ રાત્રે ખોરાક કે પાણી ન લે અને દિવસે પણ નિર્દોષ ખોરાક વનસ્પતિ આદિ મળે તો જ લે. આવા પશુ પણ પોતાના શુદ્ધસ્વરૂપ સિવાય બીજા કોઈ વિષયોમાં આનંદ માનતાં નથી. જ્યારે આત્માના સ્વરૂપથી અજાણ મોટાં શેઠિયા હોય તોપણ પુણ્ય-પાપનાં ભાવ અને તેનાં ફળમાં સુખ માનીને આકુળતાને વેદે છે.

સમકિતીને તો નરકમાં પણ અતીન્દ્રિય આનંદ છે. "બાહિર નારકીકૃત દુઃખ ભોગત, અંતર સુખરસ ગટાગટી." આત્માના શુદ્ધઉપયોગની દૃષ્ટિને કારણે નરકના અસહ્ય દુઃખની વચ્ચે પણ સમકિતીને સુખની ગટાગટી છે. આહાહા...! ક્યાં જ્ઞાની પશુ ક્યાં નારકી અને ક્યાં મિથ્યાદૃષ્ટિ શેઠિયા! મિથ્યાદૃષ્ટિ દેવ નવમી ગ્રૈવેયકમાં પણ આકુળતા વેદે છે અને સાતમી નરકમાં કોઈ રાજા મરીને જાય ને ત્યાં યાદ આવી જાય કે સંતોએ અમને કહ્યું હતું કે સ્વભાવનું સાધન કરવામાં તમે સ્વતંત્ર છો. એમ કરીને જ્યાં અંતરમાં દૃષ્ટિ કરે છે ત્યાં અનુભવમાં અતીન્દ્રિય આનંદ પામે છે. આ અતીન્દ્રિય આનંદનું કારણ સ્વભાવની દૃષ્ટિ અને અનુભવ છે. અજ્ઞાનીને પુણ્યની રુચિ છે તેના કારણે સ્વર્ગમાં દેવી સુખોની વચ્ચે પણ તે એકલી આકુળતાને જ વેદે છે.

હવે ૭૩ મી ગાથામાં યોગીન્દ્રદેવ ફરમાવે છે કે 'ભાવનિર્ગ્રંથ જ મોક્ષમાર્ગી છે.'

જો તુજ મન નિર્ગ્રંથ છે, તો તું છે નિર્ગ્રંથ,
જ્યાં પામે નિર્ગ્રંથતા, ત્યાં પામે શિવપંથ. ૭૩.

હે આત્મા! જો તેં મનમાં રાગની એકતા તોડી છે, મિથ્યાત્વની ગ્રંથિને ભેદી નાખી છે અને શુદ્ધ આત્માની દૃષ્ટિ કરી છે તો તારું મન નિર્ગ્રંથ છે. રાગથી એકતા તોડી, આત્મસંપદામાં એકત્વ કર્યું છે તેનું મન ખરેખર નિર્ગ્રંથ છે, અને હે જીવ! જો તારું મન નિર્ગ્રંથ છે તો તે મોક્ષપંથ પ્રાપ્ત કરી લીધો છે. બાહ્યમાં દ્રવ્યલિંગ પણ આવે જ છે પણ જો તેં ભાવનિર્ગ્રંથ દશા પ્રાપ્ત કરી લીધી છે તો તું સમજ કે તું શિવપંથી થઈ ગયો. બાહ્યમાં દ્રવ્યનિર્ગ્રંથ દશા હોય પણ ભાવનિર્ગ્રંથતા ન હોય તો મોક્ષમાર્ગ નથી એમ અહીં બતાવવું છે.

શ્રદ્ધા અપેક્ષાએ સમકિતી પણ ભાવનિર્ગ્રંથ છે. નિજ શુદ્ધસ્વભાવની પ્રીતિ, દૃષ્ટિ અને અનુભવ કરનાર સમકિતીને રાગ ઉપર પ્રીતિ નથી માટે તે ખરેખર ભાવનિર્ગ્રંથ છે. જ્યાં સુધી વસ્તુનું ગ્રહણ છે ત્યાં સુધી પરિગ્રહનો પૂરો ત્યાગ નથી. પણ પ્રથમ તો અંતરંગમાં મનને ગ્રંથિરહિત કરવું જોઈએ. મનમાં દયા-દાનના વિકલ્પ ઉઠે છે તે પણ રાગની ગાંઠ છે. તે ગાંઠને પ્રથમ ભેદી મનને નિર્ગ્રંથ બનાવ્યું છે તે મોક્ષમાર્ગી છે. આત્મા વસ્તુ પોતે નિર્ગ્રંથ છે તો તેની દૃષ્ટિ કરવાવાળો પણ ભાવથી નિર્ગ્રંથ છે. પણ બહારમાં કેવળ દ્રવ્યથી નિર્ગ્રંથનો એક પણ ભવ ઓછો થાય તેમ નથી.

ભાવ નિર્ગ્રંથ જીવને અંતરનો પરિગ્રહ ન હોય. મનમાં રહેલાં સર્વ રાગ-દ્વેષ ભાવની મલિનતાને દૂર કરી હોય, સર્વ જીવ ઉપર સમતાભાવ, તથા કરૂણાભાવ હોય, પરમ સંતોષી હોય અને એ ભાવ નિર્ગ્રંથ જ્ઞાની જીવને આત્મરસની પિપાસા ઘણી હોય. આવાં આવાં લક્ષણો યુક્ત હોય તે જ ભાવનિર્ગ્રંથ છે. એથી વિપરીત કોઈ જીવ બધો બાહ્યપરિગ્રહ છોડી દે—સ્ત્રી, પુત્ર પરિવાર ત્યાગી જંગલમાં રહેવા લાગે પણ

અંતરપરિગ્રહ રાગ-દ્વેષ-મોહનો ત્યાગ ન કરે તો તે નિર્ગ્રંથ નથી. તેને આત્મરસનો લાભ પ્રાપ્ત થતો નથી. તે જીવ મોક્ષમાર્ગી નથી પણ સંસારમાર્ગી છે.

જેમ ચોખા ઉપરનું ફોતરું કાઢી નાખે પણ ચોખાની લાલાશ ન કાઢે તેને ચોખાનો અસલ સ્વાદ આવતો નથી. તેમ કોઈ જીવ બાહ્ય સંયોગોનો તો ત્યાગ કરી દે પણ અંતરમાં શુદ્ધાત્માની દૃષ્ટિ, અનુભવ ન કરે, સમદર્શી-સમતાભાવને પ્રાપ્ત ન થાય, આત્મિક આનંદનો પિપાસુ ન બને અને રાગ-દ્વેષ મોહરૂપી અંતરપરિગ્રહને ધારી રાખે તો તેને મોક્ષનો લાભ પ્રાપ્ત થતો નથી. તે જીવ સાચો નિર્ગ્રંથ નથી. ભાવ નિર્ગ્રંથ નથી, દ્રવ્ય નિર્ગ્રંથ છે.

સનાતન વીતરાગ ધર્મ સંતોએ સ્પષ્ટ બતાવીને સહેલો કરી દીધો છે. આત્મતત્ત્વની દૃષ્ટિ-જ્ઞાન અને અનુભવરૂપ રત્નત્રય તે જ શિવપંથ છે. તેના ઉપર ચાલીને જ્ઞાની મોક્ષમાં પહોંચી જાય છે.

હવે કહે છે કે આ દેહમાં જ દેવ બિરાજે છે એમ નક્કી કર!

જેમ બીજમાં વડ પ્રગટ, વડમાં બીજ જણાય,<br>
તેમ દેહમાં દેવ છે, જે ત્રિલોકપ્રધાન. ૭૪.

જેમ બીજમાં વડ પ્રગટ છે અને વડમાં સ્પષ્ટરૂપથી બીજ જ વ્યાપેલું છે. તેમ આ શરીરરૂપી વડમાં ભગવાન આત્મા બિરાજમાન છે. બીજમાં જેમ વડ છે તેમ આત્મબીજમાં પરમાત્મશક્તિનું વડ પ્રગટ છે. શક્તિમાં પરમાત્મપણું હોય તો જ પર્યાયમાં પ્રગટ થાય ને! ત્રણલોકમાં તારો આત્મા જ પ્રધાનદેવ છે. ભગવાન અરિહંત અને સિદ્ધપ્રભુ પણ તારા માટે પ્રધાનદેવ નથી. તારું પરમાત્મપદ જ તારા માટે પ્રધાન છે. પરમાત્મા જેમ પર્યાયે પૂર્ણ છે તેમ દરેક જીવ શક્તિએ પૂર્ણ છે. એમ પોતાની શક્તિનો જ્યાં સુધી વિશ્વાસ ન કરે ત્યાં સુધી દૃષ્ટિ સમ્યક્ ન થાય-સમ્યગ્દર્શન ન થાય.

જેમ લગ્ન વખતે વરરાજા તો એક દિવસ માટે જ વરરાજા છે, પ્રધાન છે પણ હે જીવ! તું તો ત્રણે કાળે અને ત્રણે લોકમાં પ્રધાન છો. તું તારી શક્તિથી સદાય ત્રિલોકપ્રધાન છે.

બીજમાં જેમ વડ વ્યાપક છે તેમ ભગવાન આત્મા અનંત જ્ઞાન-દર્શનથી વ્યાપક છે. આત્મા દેહના આકારે દેહમાં રહેલો હોવા છતાં દેહથી અત્યંત ભિન્ન પોતાના ગુણ પર્યાયમાં વ્યાપેલો છે. આખા વડનાં મોટા વૃક્ષમાં મૂળ બીજ સર્વત્ર વ્યાપેલું છે. તેમ ભગવાન આત્મા પોતામાં સર્વત્ર વ્યાપેલો છે. કેવળજ્ઞાન આદિ અનંત પર્યાયોનું બીજ તો આત્મા છે માટે તું જ તારો દેવ છો.

મોક્ષાર્થીએ એમ વિચારવું જોઈએ કે મારે આરાધવા યોગ્ય, સેવવા યોગ્ય મારો આત્મા જ છે. દેહનો આકાર જેવો છે તેવો જ મારા આત્માનો આકાર છે તેમાં અનંત આનંદ આદિ અનંત ગુણો બિરાજમાન છે તે જ મારે આરાધવા યોગ્ય છે.

—૦—

[ક્રમશઃ]

# તારા પરમેશ્વરને તું દૂર ન દેખ
# તારો પરમેશ્વર તારી પાસે જ છે

[ શ્રી ઈષ્ટોપદેશ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

( સળંગ પ્રવચન નં–૨૧ )

અહીં સુખરૂપ આત્માની શાંતિ કેવી રીતે પ્રાપ્ત કરવી, તે વાત ચાલે છે. આત્માની શાંતિ શરીર, વાણી, મનમાં નથી પણ આત્માની શાંતિ આત્મામાં જ છે. તેનું ધ્યાન કરવાની વાત છે. એકલી માખણની વાત છે.

ઇન્દ્રિય વિષયો નિગ્રહી, મન એકાગ્ર લગાય,
આત્મામાં સ્થિત આત્મને, જ્ઞાની નિજથી ધ્યાય. ૨૨.

સૌ પ્રથમ તો સર્વજ્ઞ ભગવાને આત્માનું સ્વરૂપ કેવું કહ્યું છે તે શાસ્ત્રજ્ઞાનથી જાણવું જોઈએ. ત્યાર પછી જેવું પોતાનું સ્વરૂપ છે તેમાં લીન થઈ તેનું ધ્યાન કરવું જોઈએ. એ જ શાંતિનો ઉપાય છે. બીજે ક્યાંય શાંતિનો કે ધર્મનો ઉપાય છે જ નહિ.

આત્મસ્વરૂપમાં એકાગ્ર થવા માટે પહેલાં મનને ઇન્દ્રિય વિષયોથી પાછું ફેરવવું પડે, એટલે કે મનનું પાંચ ઇન્દ્રિયના વિષયો તરફ જતું વલણ સંયમમાં લાવવું જોઈએ. મનમાં વિકલ્પ ઉઠે છે તે પરજ્ઞેયો તરફનું વલણ બતાવે છે. આંખ બંધ હોય છતાં મનનાં રાગના વિકલ્પો અતૂટ ધારાએ ચાલ્યા કરે છે તેમાં આત્માનું કાંઈ હિત નથી. એકલો ચૈતન્યઘન આત્મા છે તેમાં પર તરફના રાગના વિકલ્પો ઉઠે છે તેને પહેલાં રોક! એમ પૂજ્યપાદસ્વામીનું અહીં કહેવું છે.

જીવને અશુભભાવથી બચાવવા માટેનું કથન હોય ત્યારે ભક્તિ, પૂજા, શ્રવણ, દાન આદિના શુભભાવ કર એમ કહેવામાં આવે છે પણ પરમાર્થે તેમાં કાંઈ આત્માનું હિત નથી. માટે અહીં શુદ્ધતાની પ્રાપ્તિ અર્થે–આત્મસ્વરૂપમાં લીનતા અર્થે શુભભાવના વિકલ્પને પણ રોકવાનો ઉપદેશ છે. મનનું પર તરફનું વલણ છે તે સ્વેચ્છાચારવૃત્તિ છે. તેને રોકે ત્યારે જીવ સ્વરૂપમાં લીનતા કરી શકે.

ઝીણી વાત છે. પણ મૂળ હિતની વાત છે. ૨૧મી ગાથામાં આત્માનું સ્વરૂપ બતાવવામાં આવ્યું હતું કે આત્મા એક સમયમાં લોકાલોકને જાણનારો, શરીરપ્રમાણ, નિત્ય, અનંત સૌખ્યવાન વસ્તુ છે. હવે એવા આત્માનું અંતર–સ્વસંવેદન કેવી

રીતે કરવું તેની વિધિ અહીં ૨૨મી ગાથામાં બતાવવામાં આવી છે. દરેક આત્માએ કરવા જેવું કાર્ય તો આ સ્વસંવેદન છે.

આત્મદ્રવ્ય કોઈ અચિંત્ય મહિમાવંત દ્રવ્ય છે, તેનું ક્ષેત્ર અસંખ્યપ્રદેશ, તેનો કાળ અમાપ અને તેના ભાવની સંખ્યા પણ અમાપ અને ભાવનું સામર્થ્ય પણ અમાપ છે. આમ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આત્માનું સ્વરૂપ શાસ્ત્રજ્ઞાન વડે પ્રથમ નક્કી કરવું જોઈએ. શાસ્ત્રજ્ઞાનથી આત્માનું સ્વરૂપ નક્કી કર્યા વિના માત્ર કપોલ–કલ્પિત ધ્યાન કરવા જાય તો એ ધ્યાન કોઈ કાળે સિદ્ધ થઈ ન શકે. જ્ઞાનમાં આત્માનું સ્વરૂપ સમજાયા વિના આત્માની મહિમા પણ ન આવે અને વિકલ્પ, રાગ તથા અલ્પજ્ઞતા આદિ ક્ષણિક ભાવોની મહિમા રહ્યાં કરે.

આત્મા આત્માથી આત્માને સ્વસંવેદન પ્રત્યક્ષ કરી શકે છે. એ સ્વસંવેદનથી જ મોક્ષમાર્ગ શરૂ થાય છે. દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેની ભક્તિનો ભાવ તે મોક્ષમાર્ગ નથી. સૌ પ્રથમ કરવા જેવું કાર્ય તો સ્વસંવેદન છે. ભગવાનનો આવો હિતકારી ઉપદેશ છે તે ઇષ્ટ–ઉપદેશ છે.

આત્માને આત્માથી જ ધ્યાવવો. એટલે કે રાગ અને નિમિત્તના અવલંબન વગર સ્વસંવેદન પ્રત્યક્ષજ્ઞાનથી આત્માના ત્રિકાળી સ્વભાવને ધ્યાવવો. શીરો કરવો હોય તો પહેલાં શીરો કરવાની રીત શીખવી જોઈએ. તેમ આત્માનું સ્વસંવેદન કરવું હોય તો પહેલાં તેની વિધિ શીખવી જોઈએ. આત્માનું સ્વરૂપ જ્ઞાનમાં લેવું જોઈએ. રાગાદિ વિકલ્પો હિતકારક નથી, સહાયક નથી એમ નક્કી કરવું જોઈએ. કેમ કે જ્ઞાનથી જ્ઞાન થાય છે. રાગથી જ્ઞાન થતું નથી. સ્વભાવના વેદન માટે સ્વભાવ સિવાય બીજાં કરણો એટલે કે સાધનોની જરૂર નથી. જ્ઞાનથી જ જ્ઞાન પ્રગટે છે, માટે અન્ય સાધનો કે અન્ય કારણોની મદદની જરૂર નથી, માટે બીજા કારણો મેળવવાની ચિંતા છોડ.

પહેલાં વિશ્વાસ લાવ કે મારા જેવો કોઈ સુખી નથી. કેમ કે હું પરમ સ્વાધીન છું. મારે મારા કાર્ય માટે અન્ય સાધનોનું અવલંબન લેવું પડતું નથી. માટે હું પરમ સુખી છું એમ પહેલાં વિશ્વાસ લાવ! અસ્તિપણે સત્તાપણે બિરાજમાન ભગવાન આત્મા સ્વસત્તાના વિશ્વાસ વડે જ પ્રાપ્ત થાય તેમ છે. અમાપ...અમાપ આનંદ, જ્ઞાન આદિ અનંત ભાવોથી ભરેલો સ્વભાવ, પોતાના સ્વભાવના સાધનથી જ પ્રગટ થાય છે. પરના સાધનથી પોતાનો સ્વભાવ પ્રગટે એવું આત્માનું સ્વરૂપ જ નથી.

આ તો ભાઈ! તારા સ્વદેશમાં તને લઈ જવાની વાતો છે. તારો સ્વદેશ–સ્વભાવ છે ત્યાં તારું જ્ઞાન છે અને તેનું ભાન પણ ત્યાં જ થાય છે. અનુભવપ્રકાશમાં આવે છે 'તારાં પરમેશ્વરને તું દૂર ન દેખ, તું તને પ્રભુપણે સ્થાપ.' તારો પરમેશ્વર

તારી પાસે જ છે, વિકલ્પ કે વ્યવહારમાં તારો પ્રભુ નથી. તારું સામર્થ્ય તારી પાસે છે માટે તું તને પ્રભુપણે સ્થાપ! તારી પ્રભુતાને સ્વીકાર કર! આ પ્રભુતાની પ્રતીતિનું અંતરથી જોર આવશે તો જ સ્વસંવેદન પ્રગટ કરશે.

તત્ત્વાનુશાસનમાં ૧૬૨ શ્લોકમાં લખ્યું છે કે 'સ્વ-પર પ્રતિભાસ સ્વરૂપ તારો સ્વભાવ છે.' સ્વ અને પરને જાણવાનો આત્માનો સ્વભાવ છે. આવો પોતાને અચિંત્ય સ્વભાવવાન ન માનતાં હું રોગી, હું રાગી-દ્વેષી, હું કાળો, હું રૂપાળો, હું પૈસાવાળો એમ પરપદાર્થમાં અને વિભાવમાં પોતાની અસ્તિ માનવી તે આત્માને કલંક છે.

પ્રશ્નઃ—પ્રભુ! આ તો બહુ અઘરી વાત લીધી.

અરે! આ અઘરી વાત નથી. સૌ પ્રથમ પોતાની અસ્તિ સ્વીકારવી એ તો એકડાની જ વાત છે. આત્માની સત્તા કેવડી અને કેમ પ્રાપ્ત થાય તે પહેલાં એકડાની વાત છે. વ્યવહાર, નિમિત્ત અને સંયોગોમાં લોકો એવા ટેવાઈ ગયા છે કે તેને આ વાત અઘરી લાગે છે પણ દેહદેવળમાં બિરાજમાન દેવની અસ્તિ તો પહેલાં જ સ્વીકારવાની છે સમવસરણમાં બિરાજે ઈ ભગવાન તારો નથી. પહેલાં સત્યનો અંતરમાં સ્વીકાર કરવો, જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું વિશ્વાસમાં લેવું તે આત્મખ્યાતિ છે. વિશ્વાસ લઈને અંતરમાં જવાશે. વસ્તુસ્વરૂપના વિશ્વાસ વગર બિલકુલ અંતરમાં જઈ શકાશે નહિ.

અતીન્દ્રિય આનંદથી ઘડાયેલા આત્મડુંગરમાં જવાનો રસ્તો એક જ છે. પોતે પોતાના મહિમાવંત સ્વભાવનો વિશ્વાસ લાવી સ્વસંવેદન પ્રગટ કરવું તે એક જ માર્ગ છે. રાગ, વિકલ્પ આદિ તો મારા સ્વરૂપમાં નથી પણ અલ્પજ્ઞતા કે અપૂર્ણતા પણ મારા સ્વરૂપમાં નથી અપૂર્ણ પર્યાય જેવડું મારું સ્વરૂપ નથી. કહે છે ને 'રણે ચડયાં રજપૂત છૂપે નહિ, દાતા છૂપે નહિ ઘેર માંગણ આયા.' ભગવાન કહે છે કે તું આખો આત્મા માગી લેજે એટલે કે સ્વીકારી લેજે, અધૂરી પર્યાય જેટલો જ તને ન માની લઈશ

અનંત જ્ઞાનીઓ આ વાત કહેતાં આવ્યા છે, કહે છે અને ભવિષ્યમાં પણ આમ જ કહેશે. જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું જ દર્શાવે ને! 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' કુદરતી સ્વભાવ છે તેમાં કોણ ફેરફાર કરી શકે? સ્વતઃ સિદ્ધ અચિંત્ય નિજ આત્મ—સ્વરૂપ પોતાથી જ પોતાને જણાય એવું તત્ત્વ છે એવો પહેલાં વિશ્વાસ કરવો પડશે. ભાઈ! જ્ઞાનીની વ્યાયામશાળામાં તું કદી આવ્યો નથી. જ્ઞાનીની કસરત કોઈ જુદી જાતની છે.

આત્મા પોતે જાણે અને પરને પણ જાણે એવો આત્માનો સ્વતઃ સ્વભાવ છે.

તેથી જાણવાના કાર્યમાં તેને અન્ય કોઈ સાધનોની જરૂર નથી. આત્મા આત્માને આત્માથી આત્મામાં જાણી લે છે તેમાં તેને કોઈની મદદની જરૂર નથી. છતાં નિમિત્તની જરૂર છે એમ કહેનાર પોતે પોતાને પાંગળો ઠરાવે છે પણ ખરેખર સ્વભાવના સાધન માટે અન્ય કોઈ નિમિત્તોની આવશ્યકતા નથી.

અનાદિથી વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવું જ ભગવાને બતાવ્યું છે, કાંઈ નવું ઉપજાવ્યું નથી. આત્માથી આત્માને ધ્યાવનારા જ્ઞાનીને શુભભાવ પણ આવે છે પણ તેની તેને કિંમત નથી. અજ્ઞાનીને એ શુભભાવમાં હોંશ આવે છે, મહિમા આવે છે. જ્ઞાની તેને સ્વભાવનું સાધન માનતાં નથી તેથી જ્ઞાનીને તેમાં હોંશ આવતી નથી.

સ્વભાવને સાધવા માટે કાંઈક સ્વનું સાધન અને કાંઈક પરનું સાધન માનનારાને આ એકલું સ્વભાવનું સાધન એકાંત લાગે. પણ આ એકાંત નથી, સમ્યક્ એકાંત છે. જ્યાં જ્ઞાન છે ત્યાં જ તેનું જ્ઞાન થાય છે, તેમાં પરના કે નિમિત્તના સાધનની અપેક્ષા નથી. નિમિત્તમાં જ્ઞાન નથી. જ્ઞાન આત્મામાં છે. જ્ઞાન જ્યાં હોય ત્યાં જ તેનું જ્ઞાન થાય. તેથી આત્માથી જ જ્ઞાન થાય છે.

પરમાર્થથી દરેક પદાર્થ પોતાના સ્વરૂપથી રહેલો છે. તેથી આત્માના દરેક ભાવોનો આધાર આત્મા છે. સ્વભાવનો આધાર સ્વભાવ છે, માટે સ્વભાવની પ્રાપ્તિ પણ સ્વભાવથી છે. વ્યવહાર, રાગાદિ આત્માનો આધાર નથી. તેનાથી સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. તેથી મોક્ષાર્થીને ઉચિત છે કે તે પાંચ ઇન્દ્રિયને સંયમમાં રાખી આત્માથી આત્માને ધ્યાવે. [ક્રમશઃ]

—૦—

શ્રી સમયસાર ગાથા ૩૧ માં 'જીતી ઈન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને'—એમ કહ્યું. ઈન્દ્રિયના વિષયને પણ ઇન્દ્રિય કહ્યો છે. એ તરફ લક્ષ જાય, પણ એમાં દુઃખ છે, શાંતિ નથી. અતીન્દ્રિય સ્વભાવ તરફ લક્ષ જાય એમાં શાંતિ છે. આહાહા! એક બાજુ કહે કે પંચપરમેષ્ઠીની ભક્તિથી વિકાસ થાય છે ને અહીં કહે છે કે પંચપરમેષ્ઠી તરફ લક્ષ જાય તોપણ તને નુકશાન છે. આહાહા! આવી વાતો સાંભળવા ક્યાં મળે પ્રભુ! ક્રિયાકાંડ ને વ્યવહારના પક્ષવાળાને આકરું લાગે, પણ પ્રભુ! તારો અનાદર નથી થતો, તું તો ભગવાન છો ને! પણ તારાથી જે વિરુદ્ધ ભાવ છે તેનો નિષેધ થાય છે.

—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી

તેથી જાણવાના કાર્યમાં તેને અન્ય કોઈ સાધનોની જરૂર નથી. આત્મા આત્માને આત્માથી આત્મામાં જાણી લે છે તેમાં તેને કોઈની મદદની જરૂર નથી. છતાં નિમિત્તની જરૂર છે એમ કહેનાર પોતે પોતાને પાંગળો ઠરાવે છે પણ ખરેખર સ્વભાવના સાધન માટે અન્ય કોઈ નિમિત્તોની આવશ્યકતા નથી.

અનાદિથી વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવું જ ભગવાને બતાવ્યું છે, કાંઈ નવું ઉપજાવ્યું નથી. આત્માથી આત્માને ધ્યાવનારા જ્ઞાનીને શુભભાવ પણ આવે છે પણ તેની તેને કિંમત નથી. અજ્ઞાનીને એ શુભભાવમાં હોંશ આવે છે, મહિમા આવે છે. જ્ઞાની તેને સ્વભાવનું સાધન માનતાં નથી તેથી જ્ઞાનીને તેમાં હોંશ આવતી નથી.

સ્વભાવને સાધવા માટે કાંઈક સ્વનું સાધન અને કાંઈક પરનું સાધન માનનારાને આ એકલું સ્વભાવનું સાધન એકાંત લાગે. પણ આ એકાંત નથી, સમ્યક્ એકાંત છે. જ્યાં જ્ઞાન છે ત્યાં જ તેનું જ્ઞાન થાય છે, તેમાં પરના કે નિમિત્તના સાધનની અપેક્ષા નથી. નિમિત્તમાં જ્ઞાન નથી. જ્ઞાન આત્મામાં છે. જ્ઞાન જ્યાં હોય ત્યાં જ તેનું જ્ઞાન થાય. તેથી આત્માથી જ જ્ઞાન થાય છે.

પરમાર્થથી દરેક પદાર્થ પોતાના સ્વરૂપથી રહેલો છે. તેથી આત્માના દરેક ભાવોનો આધાર આત્મા છે. સ્વભાવનો આધાર સ્વભાવ છે, માટે સ્વભાવની પ્રાપ્તિ પણ સ્વભાવથી છે. વ્યવહાર, રાગાદિ આત્માનો આધાર નથી. તેનાથી સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. તેથી મોક્ષાર્થીને ઉચિત છે કે તે પાંચ ઇન્દ્રિયને સંયમમાં રાખી આત્માથી આત્માને ધ્યાવે. [ક્રમશઃ]

—૦—

શ્રી સમયસાર ગાથા ૩૧ માં 'જીતી ઈન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને'—એમ કહ્યું. ઈન્દ્રિયના વિષયને પણ ઇન્દ્રિય કહી છે. એ તરફ લક્ષ જાય, પણ એમાં દુઃખ છે, શાંતિ નથી. અતીન્દ્રિય સ્વભાવ તરફ લક્ષ જાય એમાં શાંતિ છે. આહાહા! એક બાજુ કહે કે પંચપરમેષ્ઠીની ભક્તિથી વિકાસ થાય છે ને અહીં કહે છે કે પંચપરમેષ્ઠી તરફ લક્ષ જાય તોપણ તને નુકશાન છે. આહાહા! આવી વાતો સાંભળવા કયાં મળે પ્રભુ! ક્રિયાકાંડ ને વ્યવહારના પક્ષવાળાને આકરું લાગે, પણ પ્રભુ! તારો અનાદર નથી થતો. તું તો ભગવાન છો ને! પણ તારાથી જે વિરુદ્ધ ભાવ છે તેનો નિષેધ થાય છે.

—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

આ ધર્મીજીવની સંસાર ભાવનાનું વર્ણન છે.

આત્મામાં સુખ છે એ સિવાય સંસારમાં ક્યાંય સુખ નથી, સંસારમાં કોઈ દેવભવ કે રાજાનો ભવ તે સુખ નથી, સુખ તો આત્મદ્રવ્યમાં છે. સમ્યગ્દષ્ટિને આત્મા સિવાય કોઈપણ પદાર્થમાં સુખબુદ્ધિ હોતી નથી, જેને બહારમાં સુખબુદ્ધિ હોય તેને આત્માના સ્વભાવની પ્રતીતિ નથી; તે મિથ્યાદષ્ટિ છે. ધર્મીને અલ્પ રાગ-દ્વેષ થાય તેમાં પણ તે સુખ નથી માનતો, તો પછી રાગ દ્વેષનું લક્ષ જે પર પદાર્થ ઉપર જાય છે તેમાં તો તે સુખ કેમ માને? જો વિષયોમાં કે રાગમાં સુખ માને તો તે જીવને આત્મામાં સુખબુદ્ધિ નથી, તે મૂઢ છે, તે ગમે તેટલા વ્રતાદિ કરે, તોપણ તેના સંસાર ભ્રમણનો અંત આવતો નથી.

ચારે ગતિ વિભાવનું ફળ છે. તે વિભાવ દુઃખદાયક છે, તેથી ચારે ગતિ દુઃખ-દાયક છે. સુખ તો આત્માના સ્વભાવમાં છે, તેની જેને ખબર નથી તે જીવ ચાર ગતિના સંયોગમાં સુખ માને છે, પણ તે મિથ્યા છે.

પર્યાયબુદ્ધિવાળો જીવ સંયોગમાં જ સુખ માને છે. અંતરના સ્વભાવની દૃષ્ટિ કરતો નથી પણ રાગાદિ વર્તમાન પરિણામમાં તથા બહારના વિષયોમાં તે સુખ માને છે. રાજા થાય તો રાજ્યપદમાં સુખ માને છે ને વિષ્ટાનો કીડો થાય તો વિષ્ટામાં સુખ માને છે, પણ હું તો સિદ્ધ જેવો ચિદાનંદ સ્વભાવી છું—એવું ભાન અજ્ઞાની કરતો નથી, એ વાત હવેની ગાથામાં કહે છે—

> कुकृतकर्मवशात् राजा अपि च अशुचिकीटकः भवति ।
> तत्र एव च करोति रतिं प्रेक्षध्वं मोहस्य माहात्म्यम् ।। ६३ ।।

અર્થ :—હે પ્રાણી! તમે જુઓ તો ખરા આ મોહનું માહાત્મ્ય! કે પાપવશ મોટો રાજા પણ મરીને વિષ્ટાના કીડામાં જઈ ઉત્પન્ન થાય છે અને ત્યાં જ તે રતિ માને છે—ક્રિડા કરે છે. ૬૩.

એક રાજા હતો તેને કોઈએ કહ્યું હતું કે તું સાત દિવસમાં મરીને કૂતરીને ત્યાં ગલૂડિયું થઈશ, તે સાંભળીને રાજા કહે કે અરર! મારે કૂતરાનો અવતાર!!! એમ વિચારીને તેના કુંવરને કહ્યું કે હું ત્યાં જન્મું કે તરત મને મારી નાખજે.

પછી તે રાજા મરીને કૂતરો થયો, ત્યાં કુંવર તેને જ્યારે મારવા માટે આવ્યો ત્યારે તે ગલૂડિયું કહે છે કે "મને મારીશ નહિ મને અહીં મજા છે." જુઓ, મૂઢ જીવ ચૈતન્યને ચૂકીને, જે સંયોગ મળે તેમાં જ સુખ માની લે છે. જેના કપડાં ધોવા માટે વિલાયત જતાં હોય તેવો જીવ પણ મરીને વિષ્ટાનો કીડો થાય, તો તે વિષ્ટામાં પણ સુખ માને છે. આત્માના ભાન વિના સાધુ થઈને બહારના ક્રિયાકાંડમાં સુખ માને તે જીવો પણ મૂઢ છે, ને કીડો વિષ્ટામાં સુખ માને છે તે જીવ પણ મૂઢ છે.

જેલના કેદીને જેલમાં ગોઠી જાય છે, એકવાર એક કેદીને જેલની મુદત પૂરી થઈને બહાર નીકળવાનું થયું ત્યારે બીજાને કહેતો ગયો કે આ મારો પાણીનો ઘડો કોઈ બગાડશો નહિ, બીજાએ પૂછ્યું કે કેમ? તો તે કહે કે હું બે ચાર દિવસમાં પાછો અહીં આવવાનો છું માટે તે ઘડો રાખી મૂકજો. તેમ અજ્ઞાની જીવને સંસારમાં સુખ ભાસે છે એટલે એક ભવ છોડતાં બીજા ભવની મમતા લઈને જાય છે, એક ભવ પછી બીજો ભવ તૈયાર રાખે છે. શાસ્ત્રકાર કહે છે કે અહો! એ મોહનું માહાત્મ્ય છે કે જીવો આત્માના સુખ ચૂકીને બહારના જે જે સંયોગ મળે તેમાં જ સુખ માની લે છે.

આગળ કહે છે કે એક જીવને એક જ ભવમાં અનેક સંબંધ થયો :—

पुत्र : अपि भ्राता जातः सः अपि च भ्राता अपि देवरः भवति ।
माता भवति सपत्नी जनकः अपि च भवति भर्ता ।। ६४ ।।
एकस्मिन् भवे एते सम्बन्धाः भवन्ति एक जीवस्य ।
अन्यभवे किं भण्यते जीवानां धर्मरहितानाम् ।। ६५ ।।

એક જીવને એક ભવમાં આટલા સંબંધ થાય છે તો પછી ધર્મરહિત જીવોને અન્ય ભવોના સંબંધમાં તો શું કહેવું?

અરે, એક જ ભવમાં જે માતા હોય તે સ્ત્રી થાય, જે પુત્ર હોય તે જ પતિ થાય, આવું બને છે. તો પછી અન્ય ભવનું તો શું કહેવું? આ કોની વાત છે? કે જેને ચૈતન્યનું ભાન નથી એવા ધર્મરહિત જીવોને સંસારમાં રખડતાં આવા આવા અનેક સંબંધ એક જ ભવમાં બને છે. વસંતતિલકાને એક જ ભવમાં ૧૮ સંબંધ થયા તેનું અહીં દૃષ્ટાંત આપ્યું છે. પર્યાયબુદ્ધિવાળો જીવ ચૈતન્યસ્વભાવને જાણતો નથી, ને સંયોગમાં આડું અવળું કરવાનું માને છે, તેને સમજાવે છે કે :— અરે ભાઈ! તું આત્મા ઉપર દૃષ્ટિ કર, ભવ અને ભવના કારણની રુચિ છોડ, તો કલ્યાણ થાય. અહીં કથા કહીને વૈરાગ્ય બતાવવો છે કે અરે જીવ! સંસારમાં રખડતાં રખડતાં એક જ ભવમાં કેવા કેવા સંબંધ બને છે, તે વિચાર, તેમાં ક્યાંય-સંયોગમાં સુખ નથી. માટે સંયોગની રુચિ છોડીને તારા સ્વભાવની રુચિ કર.

કેવા કેવા સંબંધ થયા તે અહીં કહે છે. પુત્ર તો ભાઈ થયો, અને ભાઈ હતો તે દીયર થયો, માતા હતી તે શોક્ય થઈ અને પિતા હતો તે ભર્થાર થયો, એટલા સંબંધ વસંતતિલક વેશ્યા, ધનદેવ, કમળા અને વરૂણને (પરસ્પર) થયા, તેની કથા અન્ય ગ્રંથોથી અહીં લખીએ છીએ :— [ આ કથા મૂળમાંથી જોઈ લેવી. ]

જુઓ, જીવને સંસારમાં રખડતાં આવું અનંતવાર બને છે, તેમાં આશ્ચર્ય નથી. અરે જીવ! સ્વભાવની ભાવના કરીને આવા સંસારની ભાવના છોડ, હું તો જ્ઞાન છું, મારા સ્વભાવમાં સંસાર નથી, એમ જે જીવ જ્ઞાન સ્વભાવની ભાવના કરે તેને આવો સંસાર રહે નહિ, પૂર્વ ભવનો મોટો વેરી હોય ને મરીને દીકરો થાય ત્યાં મમતા કરે કે "હાશ, મારો પુત્ર!" જુઓ, સંસારની વિચિત્રતા! અહો! એક જીવને એક ભવમાં ૧૮ સંબંધ થયા, તેમાં કાંઈ આશ્ચર્ય નથી. અનંત ભવ થયા તેમાં શું થાય? આ તો મનુષ્ય ભવની વાત કરી, તો ઢોરની શું વાત કરવી? માટે સંસારનો કોઈપણ ભવ કે ભવના કારણ રૂપ ભાવ, તેની રુચિ ધર્મી જીવ કરતો નથી. આત્માનો જ્ઞાનસ્વભાવ ભવ રહિત છે ને ભવના કારણથી પણ રહિત છે એમ જાણીને ધર્મી જીવ તેની જ રુચિ અને ભાવના કરે છે.

જે જીવો આત્માના સ્વભાવની રુચિ નથી કરતા તે જીવો પંચ પ્રકારનું સંસાર પરિભ્રમણ કરે છે. તેનું હવે વર્ણન કરે છે:—

પંચ પ્રકારના સંસારનું સ્વરૂપ.

**संसारः पञ्चविधः द्रव्ये क्षेत्रे तथैव काले च ।**
**भवभ्रमणः च चतुर्थः पञ्चमकः भावसंसारः ॥ ६६ ॥**

પુદ્ગલ દ્રવ્યના ગ્રહણ ત્યાગની તો વ્યવહારથી વાત કરી છે. ચૈતન્યતત્ત્વને જે ભાવથી પરમાણુનો સંયોગ આવે તે સંસાર છે. પુદ્ગલો આવ્યાં ને ગયાં તે દ્રવ્ય-સંસાર છે, તેમાં આત્માનો કિંચિત્ લાભ નથી.

લોકાકાશના દરેક પ્રદેશે જીવ અનંતવાર જન્મ્યો, તે ક્ષેત્રસંસાર છે, મહાવિદેહાદિ અમુક ક્ષેત્રે જન્મે તો તેથી કાંઈ આત્માને લાભ ન થઈ જાય.

ચોથા કાળે જન્મે કે પાંચમા કાળે જન્મે તે કાળસંસાર છે, કાળનો એવો કોઈ સમય બાકી નથી કે જે સમયમાં જીવ જન્મ્યો-મર્યો ન હોય.

નરક વગેરેના ભવો જીવે અનંતવાર કર્યા તે ભવસંસાર છે. મનુષ્યભવ વગર ચારિત્ર ધર્મ ન હોય, પણ તેથી કાંઈ મનુષ્યભવને કારણે ચારિત્ર ધર્મ થતો નથી. ચાર ગતિનો કોઈ પણ ભવ જે ભાવથી મળે તે દુઃખ છે, તેમાં સુખ નથી.

ભાવસંસાર એટલે કોઈ પણ વિકારી ભાવ થાય તે ભાવસંસાર છે, પંચ મહાવ્રતાદિ વ્યવહારની શુભ લાગણી ઊઠે તે પણ ભાવસંસાર છે. તે શુભ વ્યવહારમાં લાભ માનનારો જીવ સંસારની રુચિવાળો છે. મિથ્યાદૃષ્ટિ જીવ ચૈતન્ય સ્વભાવની રુચિ વગર જે કાંઈ શુભાશુભ ભાવો કરે છે તે બધોય સંસાર છે, તેમાં ધર્મ નથી.

આ પાંચ પ્રકારનો સંસાર છે. અજ્ઞાની જીવ ભલે ત્યાગી થઈને મહાવ્રત પાળે તોપણ તેને પાંચમાંથી એકેય પ્રકારનો સંસાર છૂટયો નથી, આત્માનો સ્વભાવ આ પાંચે પ્રકારના સંસાર પરિભ્રમણથી રહિત છે, તેની ભાવના કરે તો સંસાર છૂટે.

હવે દ્રવ્ય પરાવર્તનનું સ્વરૂપ કહે છે:—

बध्नाति मुञ्चति जीवः प्रतिसमयं कर्मपुद्गलान् विविधान् ।
नोकर्मपुद्गलान् अपि च मिथ्यात्वकषाय संयुक्तः ।। ६७ ।।

અર્થ:—આ જીવ, આ લોકમાં રહેલાં જે અનેક પ્રકારનાં જ્ઞાનાવરણાદિ કર્મ-પુદ્‌ગલો તથા ઔદારિક આદિ શરીરરૂપ નોકર્મ–પુદ્‌ગલોને મિથ્યાત્વ-કષાય વડે સંયુક્ત થતો થકો સમયે સમયે બાંધે છે ને છોડે છે. ૬૭.

અહીં ઔદારિક આદિમાં ઔદારિક, વૈક્રિયિક અને તૈજસ શરીર લેવા, પણ આહારક શરીર ન લેવું, કેમ કે આહારક શરીર તો છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિને જ હોય છે. મિથ્યાત્વ અને કષાય ભાવોથી જીવ સમયે સમયે જ્ઞાનાવરણાદિ કર્મ પરમાણુઓને અને ઔદારિક ત્રણ શરીરરૂપ નોકર્મ પરમાણુઓને બાંધે છે. જડ કર્મને આત્મા ગ્રહે છે તે તો નિમિત્તનું કથન છે, કેમકે જીવના મિથ્યાત્વાદિ ભાવો તેમાં નિમિત્ત થાય છે, તેથી જીવે તેને ગ્રહ્યાં અને છોડયાં—એમ કહ્યું છે.

અમુક કર્મ બંધાય તો મહાવિદેહમાં જવાય ને ત્યાં ભગવાનનો ભેટો થાય, એમ જેને કર્મ બાંધવાની ભાવના છે તેને તો દ્રવ્યસંસારની ભાવના છે. ધર્મી જીવ પણ ભગવાનની પૂજા ભક્તિમાં એમ બોલે કે:—"ચલો વિદેહ ક્ષેત્રમેં." ત્યાં ખરેખર ધર્મીને સંયોગની ભાવના નથી તેમજ સંયોગ જે ભાવે મળે તે ભાવની પણ ભાવના નથી. ભાવના તો અંતરના સ્વભાવની છે પણ શુભભાવ વખતે ભગવાનને યાદ કરીને નિમિત્તથી કહે છે કે "ચલો ક્ષેત્ર વિદેહમેં." ધર્મીને વર્તમાન રાગની પણ રુચિ નથી ને ભવિષ્યના રાગની ભાવના નથી પણ ભક્તિના કાળે અનેક પ્રકારનાં કાલાઘેલાં વચનો નીકળે છે! હે સીમંધર ભગવાન! તમે આ ભરત ક્ષેત્રમાં પધારો–એમ કહે, અંદર ભાન છે કે ભગવાન કાંઈ મહાવિદેહમાંથી ભરતે ન પધારે, પણ અંદર પોતાના ભાવમાં ભગવાનની નિકટતા કરે છે. અંદરમાં ચૈતન્ય સ્વભાવનું ભાન છે, તેથી પૂર્ણતાની ભાવના કરે છે.

અજ્ઞાની તો ચૈતન્ય સ્વભાવ ચૂકીને મિથ્યાત્વ અને કષાયને વશ અનાદિકાળથી

સમયે સમયે કર્મ-નોકર્મના પરમાણુઓને ગ્રહે છે ને છોડે છે, આવો જે પરમાણુઓનો ગ્રહણ -ત્યાગ તે દ્રવ્યસંસાર છે. તેમાં એક દ્રવ્ય-પરાવર્તન ક્યારે પૂરું થાય? તે કહે છે.

જેટલા પરમાણુઓ જેવા જેવા રસવાળા હતા તેવા જ પરમાણુઓ ફરીને ગ્રહણ કરે ત્યારે એક દ્રવ્ય-પરાવર્તન પૂરું થયું કહેવાય, આવા એક પરાવર્તનમાં અનંતો કાળ જાય છે છતાં આવા અનંત પરાવર્તન જીવ કરી ચૂક્યો છે. હવે ક્ષેત્ર-પરાવર્તન કહે છે :—

सः कः अपि नास्ति देशः लोकाकाशस्य निरवशेषस्य ।
यत्र न सर्वः जीवः जातः मृतः च बहुवारम् ॥ ६८ ॥

અર્થ :— આ લોકાકાશ પ્રદેશોમાં એવો કોઈ પણ પ્રદેશ નથી કે જ્યાં આ સંસારના સર્વ જીવો અનંતવાર ઉપજ્યા-મર્યા ન હોય ! ૬૮.

જ્યાં સિદ્ધ ભગવંતો બિરાજે છે તે જ ક્ષેત્રે જીવ અનંતવાર જન્મ્યો ને મર્યો છે. એક માણસે બીજાને પૂછ્યું કે તેં રાજાને જોયા છે? તો તે કહે છે 'હા', ક્યારે? તો કહે કે 'મેં ખૂન કર્યું' તેનો કેસ ચાલતો હતો ત્યારે કોર્ટમાં રાજા આવ્યા હતા, ને મેં જોયા હતા!' તેમ અજ્ઞાની જીવ અનંત સંસારમાં રખડતાં રખડતાં જે ક્ષેત્રે સિદ્ધ ભગવંતો બિરાજે છે ત્યાં પણ અનંતવાર એકેન્દ્રિયપણે જન્મ્યો-મર્યો છે. સંસાર પરિભ્રમણમાં જીવ શરીરની નાનામાં નાની અવગાહનાથી માંડીને અનુક્રમે મોટામાં મોટી અવગાહના ધારણ કરીને આખા લોકમાં જન્મ્યો ને મર્યો છે.

જેને સંસારની ચારે ગતિનો ભય લાગ્યો તેને છે સ્વર્ગના અવતારમાં પણ સુખ ન ભાસે. ચૈતન્ય સ્વભાવ સિવાય કોઇ સંયોગમાં સુખ ન ભાસે, તો ચારે ગતિનો ભય લાગ્યો કહેવાય. જે જીવ સ્વભાવની ભાવના કરીને ભવના કારણરૂપ પરભાવને છોડે છે, તેને આવું સંસાર-પરિભ્રમણ થતું નથી. (ક્રમશઃ)

—o—

રાગ હોવા છતાં જ્ઞાનની પર્યાય રાગની સન્મુખતાથી ખસીને અંદર જ્ઞાયક સન્મુખ ઢળે એટલે બસ! પર્યાયે ત્રિકાળીનો સ્વીકાર કર્યો. પહેલાં પર્યાય પર્યાયનો સ્વીકાર કરતી હતી ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ હતો ને પર્યાયે દ્રવ્યનો સ્વીકાર કર્યો એટલે સમ્યગ્દૃષ્ટિ થયો. આ તો અંદરથી આવેલી વસ્તુ છે. દુનિયા ગમે તેમ કહે પણ વસ્તુ છે તે ફરે તેમ નથી. વસ્તુ તો વસ્તુરૂપે જ રહેશે.

—પરમ પૂજ્ય ગુરુદેવ

# અઢાર દોષ રહિત સર્વજ્ઞનું સ્વરૂપ

[ શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

અહીં અર્હંત ભગવાનની ઓળખાણ આપે છે. અર્હંત ભગવાનને ૧૮ દોષ હોતા નથી. તે અર્હંત ભગવાનનું દ્રવ્ય, તેમના ગુણો અને તેમને પ્રગટેલી સર્વજ્ઞ પરમાત્મદશા, તેને જે ઓળખે તો આત્માનું સ્વરૂપ ઓળખાય છે. અર્હંતને જેવા દ્રવ્ય–ગુણ–પર્યાય છે તેવું જ આત્માનું પરમાર્થસ્વરૂપ છે, બીજા જે રાગાદિ ભાવો તેમનામાં નથી તે આત્માનું સ્વરૂપ નથી. આમ અર્હંત જેવા પોતાના આત્માની ઓળખાણ થતાં **સમ્યગ્દર્શન** ને સમ્યગ્જ્ઞાન થાય છે.

(૧૦) અર્હંત ભગવાનને મૃત્યુ નથી, તેમને દેહના વિયોગ પછી બીજો અવતાર નથી એટલે દેહનો વિયોગ થતાં તો તેમને મોક્ષ થાય છે, તેને મૃત્યુ ન કહેવાય.

(૧૧) અશુભ કર્મના વિપાકજનિત, શારીરિક શ્રમથી ઉત્પન્ન થતો, જે દુર્ગંધના સંબંધને લીધે ખરાબ વાસવાળા જળબિંદુઓનો સમૂહ તે સ્વેદ છે.

ભગવાનને ચાર ઘાતિકર્મો તો નાશ થઈ ગયા છે, અનંતવીર્ય પ્રગટી ગયું છે, એટલે થાક કે ખેદ નથી. તેમને એવા પ્રકારના અશુભ કર્મનો સંયોગ જ નથી કે જેથી પરસેવો થાય.

(૧૨) અનિષ્ટની પ્રાપ્તિ ( અર્થાત્ કોઈ વસ્તુ અનિષ્ટ લાગવી ) તે ખેદ છે.

જ્ઞાનીને કોઈ પદાર્થમાં ઇષ્ટ–અનિષ્ટપણાની બુદ્ધિ નથી ને ભગવાનને તો કોઈ પદાર્થ પ્રત્યે રાગ-દ્વેષ નથી, તેમને તો અસ્થિરતાથી પણ ખેદની લાગણી થતી નથી.

અર્હંત ભગવાન કેવા છે તે ઓળખ્યા વિના 'णमो अरिहंताणं' એમ કહે તેથી શું? અર્હંતદેવ જ મારા ભગવાન ને બીજા કોઈ નહિ—એમ સ્વરૂપ જાણ્યા વિના અર્હંતનું નામ લ્યે કે બીજાનું નામ લ્યે! તેને પોતાને તો કાંઈ ઓળખાણ નથી. તો તેને લાભ થાય નહિ.

અર્હંત દશા કેવી હોય? ને ત્યાં શરીર કેવું હોય? એ કાંઈ ઓળખ્યા વિના ભગવાનને નમ્યો કહેવાય નહિ. જેને નમસ્કાર કરવા છે તેને ઓળખ્યા વિના સાચા નમસ્કાર કઈ રીતે કરે? માટે પ્રથમ અર્હંત ભગવાનની ઓળખાણ કરવી જોઈએ.

(૧૩) સર્વ જનતાના કર્ણમાં અમૃત રેડતા સહજ ચતુર કવિત્વને લીધે, સહજ ( સુંદર ) શરીરને લીધે, સહજ ( ઉત્તમ ) કુળને લીધે, સહજ બળને લીધે તથા સહજ

ઐશ્વર્યને લીધે આત્મામાં જે અહંકારની ઉત્પત્તિ તે મદ છે.

કવિપણું કેવું લીધું ? કે સહજ હોય. ઉત્તમ કવિપણું વગેરે હોય તેનો અજ્ઞાનીને અહંકાર થાય છે, તેનું નામ મદ છે. ભગવાનને તેવો મદ ન હોય. ભગવાનનું રૂપ સહજ સુંદર હોય છે, ઇંદ્ર હજાર આંખો કરીને જુએ છે તોપણ તૃપ્તિ થતી નથી, એવું સુંદર રૂપ હોય, પણ સર્વજ્ઞ ભગવાનને તેનો મદ હોતો નથી. શરીરનું રૂપ તો જડની આકૃતિ છે; ચૌદ બ્રહ્માંડમાં જે સુંદર રજકણો હતાં તે બધાય ભગવાનના શરીરપણે ગોઠવાઈ ગયા છે, પણ ભગવાનને અભિમાન નથી ઉત્તમ કુળ હોય, પણ જ્ઞાનીને તેનું અભિમાન ન હોય ને વીતરાગ ભગવાનને તો અભિમાન હોય જ નહિ. ભગવાનનો અવતાર મહા ઉત્તમ એવા ક્ષત્રિયકુળમાં જ થાય, પણ તેવા ઉત્તમ કુળનો મદ ભગવાનને ન હોય.

ભગવાનનું શરીર બળ અતુલ હોય છે. સહજપણે તેવું બળ હોય છે. વળી ભગવાનને સહજ ઐશ્વર્ય હોય, સમવસરણાદિ વિભૂતિ હોય, પણ ભગવાનને તેનો મદ ન હોય. મદ તે વિકાર છે, તે દોષ છે, તે આત્માનું સ્વરૂપ નથી.

(૧૪) મનોજ્ઞ ( મનપસંદ ) વસ્તુઓમાં પરમ પ્રીતિ તે જ રતિ છે. એવી રતિ ભગવાનને હોતી નથી.

(૧૫) પરમ સમરસીભાવની ભાવના રહિત જીવોને ( પરમ સમતા ભાવના અનુભવ રહિત જીવોને ) કયારેક પૂર્વે નહિ જોયેલું હોવાને લીધે થતો ભાવ તે **વિસ્મય** છે. ભગવાનને વિસ્મય થતો નથી.

(૧૬) કેવળ શુભ કર્મથી દેવ પર્યાયમાં જે ઉત્પત્તિ, કેવળ અશુભ કર્મથી નારક-પર્યાયમાં જે ઉત્પત્તિ, માયાથી તિર્યંચ પર્યાયમાં જે ઉત્પત્તિ અને શુભાશુભ મિશ્ર કર્મથી મનુષ્ય પર્યાયમાં જે ઉત્પત્તિ તે જન્મ છે.

દરરોજ અબજોનાં દાન કરે, અહિંસા પાળે, સત્ય બોલે, બ્રહ્મચર્ય પાળે, એવા અનેક પ્રકારે શુભભાવ કરે, તો તેનાથી શું થાય ?—કે દેવ પર્યાયનો જન્મ પ્રાપ્ત થાય, પણ જેનાથી જન્મનો નાશ થાય એવો ધર્મ ન થાય. ભગવાન દેવલોકમાં જન્મ ધારણ કરતા નથી, કેમકે ભગવાનને તેવા શુભભાવ હોતા જ નથી.

જીવ અનાદિથી છે, તેણે અનંત અનંત અવતાર આત્માના ભાન વિના કર્યા; તેમાં શુભ ભાવ કરીને અનંતવાર સ્વર્ગમાં ગયો છે. જુઓ, અજ્ઞાનીઓ કહે છે કે શુભકર્મથી ધર્મ થાય, પણ તે વાત જૂઠી છે, કેવળ શુભકર્મથી પણ સ્વર્ગનો અવતાર થાય છે. ભગવાનને એવો અવતાર હોતો નથી.

મોટી હિંસા, ચોરી વગેરે મહા અધર્મના પાપભાવ સેવે, શિકાર કરે, માંસ ખાય, વગેરે પ્રકારના પરિણામવાળા જીવો નરકમાં જન્મે છે.

જે તીવ્ર કપટ–કુટિલતા–માયાના પરિણામ સેવે તે તિર્યંચમાં જન્મે છે. આડોડાઈ કરી તેથી તેમનું શરીર પણ આડું હોય છે. કેવા પરિણામથી કેવી ગતિમાં અવતાર થાય તે પણ ઓળખાવ્યું છે.

શુભ ને અશુભ એવા મિશ્ર પરિણામથી જીવને મનુષ્યપર્યાયમાં અવતાર થાય છે.

આ ચારે પ્રકારની ગતિમાં ઉપજવું તે સંસાર છે, તે જન્મ છે, તેવી ચારે ગતિમાં ભગવાનને જન્મ હોતો નથી. ભગવાન તો સિદ્ધગતિને પામે છે.

ધર્મી જીવ આત્માના ભાન સહિત એકાદ ભવ સ્વર્ગનો કરે, તોપણ તે આત્માના સ્વભાવને સાધીને અલ્પકાળમાં મુક્તિપદ પામે છે, તેને ફરીને અવતાર રહેતો નથી. સિદ્ધપદ પામ્યા પછી અનંતકાળે પણ ફરીને અવતાર થતો નથી.

(૧૭) દર્શનાવરણીય કર્મના ઉદયથી જેમાં જ્ઞાનજ્યોતિ અસ્ત થઈ જાય છે. તે જ નિદ્રા છે.

નિદ્રા વખતે કાંઈ ખ્યાલ રહેતો નથી, તે વખતે જ્ઞાનની જાગૃતિ રોકાઈ જાય છે, ભગવાનને તો કેવળજ્ઞાન જ્યોત પ્રગટી ગઈ છે, તેમને નિદ્રા હોતી નથી.

(૧૮) ઈષ્ટના વિયોગમાં વિફ્લવભાવ (ગભરાટ) તે જ ઉદ્વેગ છે.

ભગવાનને ગભરાટ હોતો જ નથી. જ્ઞાનીને પણ ભાન છે કે મારા આત્માને કોઈ પર ચીજ પ્રિય કે અપ્રિય નથી. એવા ભાનસહિત ચૈતન્યમાં ઠરીને વીતરાગ સર્વજ્ઞતા પ્રગટી ત્યાં ભગવાનને ઉદ્વેગ હોતો નથી.

આ જે અઢાર મહાદોષો કહ્યા, તે દોષો સર્વજ્ઞ અર્હંતદેવને હોતા નથી. ક્ષુધા, તૃષા, આહાર તે બધા દોષો છે. આ દોષોથી ત્રણલોક વ્યાપ્ત છે, પણ ભગવાન તો તે દોષોથી રહિત છે.

આવા સર્વજ્ઞ ભગવાનને ઓળખવા તે વ્યવહારશ્રદ્ધા છે.

એ રીતે ટીકા પૂરી થઈ. હવે કૌંસમાં થોડો ખુલાસો કરે છે.

વીતરાગ સર્વજ્ઞને દ્રવ્ય–ભાવ ઘાતિકર્મોનો અભાવ હોવાથી તેમને ભય, રોષ, રાગ, મોહ, શુભાશુભ ચિંતા, ખેદ, મદ, રતિ વિસ્મય, નિદ્રા તથા ઉદ્વેગ ક્યાંથી હોય?

વળી તેમને સમુદ્ર જેટલા શાતાવેદનીય કર્મોદય મધ્યે બિંદુ જેટલો અશાત વેદનીય કર્મોદય વર્તે છે તે, મોહનીય કર્મના તદ્દન અભાવમાં લેશ માત્ર પણ ક્ષુધા કે તૃષાનું નિમિત્ત ક્યાંથી થાય? ન જ થાય. કારણ કે ગમે તેટલું અશાતાવેદનીય કર્મ હોય તોપણ મોહનીય કર્મના અભાવમાં દુઃખની લાગણી હોઈ શકે નહિ. તો પછી અહીં

મોટી હિંસા, ચોરી વગેરે મહા અધર્મના પાપભાવ સેવે, શિકાર કરે, માંસ ખાય, વગેરે પ્રકારના પરિણામવાળા જીવો નરકમાં જન્મે છે.

જે તીવ્ર કપટ–કુટિલતા–માયાના પરિણામ સેવે તે તિર્યંચમાં જન્મે છે. આડોડાઈ કરી તેથી તેમનું શરીર પણ આડું હોય છે. કેવા પરિણામથી કેવી ગતિમાં અવતાર થાય તે પણ ઓળખાવ્યું છે.

શુભ ને અશુભ એવા મિશ્ર પરિણામથી જીવને મનુષ્યપર્યાયમાં અવતાર થાય છે.

આ ચારે પ્રકારની ગતિમાં ઉપજવું તે સંસાર છે, તે જન્મ છે, તેવી ચારે ગતિમાં ભગવાનને જન્મ હોતો નથી. ભગવાન તો સિદ્ધગતિને પામે છે.

ધર્મી જીવ આત્માના ભાન સહિત એકાદ ભવ સ્વર્ગનો કરે, તોપણ તે આત્માના સ્વભાવને સાધીને અલ્પકાળમાં મુક્તિપદ પામે છે. તેને ફરીને અવતાર રહેતો નથી. સિદ્ધપદ પામ્યા પછી અનંતકાળે પણ ફરીને અવતાર થતો નથી.

(૧૭) દર્શનાવરણીય કર્મના ઉદયથી જેમાં જ્ઞાનજ્યોતિ અસ્ત થઈ જાય છે. તે જ નિદ્રા છે.

નિદ્રા વખતે કાંઈ ખ્યાલ રહેતો નથી, તે વખતે જ્ઞાનની જાગૃતિ રોકાઈ જાય છે, ભગવાનને તો કેવળજ્ઞાન જ્યોત પ્રગટી ગઈ છે, તેમને નિદ્રા હોતી નથી.

(૧૮) ઈષ્ટના વિયોગમાં વિકલવભાવ (ગભરાટ) તે જ ઉદ્વેગ છે.

ભગવાનને ગભરાટ હોતો જ નથી. જ્ઞાનીને પણ ભાન છે કે મારા આત્માને કોઈ પર ચીજ પ્રિય કે અપ્રિય નથી. એવા ભાનસહિત ચૈતન્યમાં ઠરીને વીતરાગ સર્વજ્ઞતા પ્રગટી ત્યાં ભગવાનને ઉદ્વેગ હોતો નથી.

આ જે અઢાર મહાદોષો કહ્યા, તે દોષો સર્વજ્ઞ અર્હંતદેવને હોતા નથી. ક્ષુધા, તૃષા, આહાર તે બધા દોષો છે. આ દોષોથી ત્રણલોક વ્યાપ્ત છે, પણ ભગવાન તો તે દોષોથી રહિત છે.

આવા સર્વજ્ઞ ભગવાનને ઓળખવા તે વ્યવહારશ્રદ્ધા છે.

એ રીતે ટીકા પૂરી થઈ. હવે કૌંસમાં થોડો ખુલાસો કરે છે.

વીતરાગ સર્વજ્ઞને દ્રવ્ય–ભાવ ઘાતિકર્મોનો અભાવ હોવાથી તેમને ભય, રોષ, રાગ, મોહ, શુભાશુભ ચિંતા, ખેદ, મદ, રતિ વિસ્મય, નિદ્રા તથા ઉદ્વેગ ક્યાંથી હોય?

વળી તેમને સમુદ્ર જેટલા શાતાવેદનીય કર્મોદય મધ્યે બિંદુ જેટલો અશાત વેદનીય કર્મોદય વર્તે છે તે, મોહનીય કર્મના તદ્દન અભાવમાં લેશ માત્ર પણ ક્ષુધા કે તૃષાનું નિમિત્ત ક્યાંથી થાય? ન જ થાય. કારણ કે ગમે તેટલું અશાતાવેદનીય કર્મ હોય તોપણ મોહનીય કર્મના અભાવમાં દુઃખની લાગણી હોઈ શકે નહિ. તો પછી અહીં

તો જ્યાં અનંતગુણા શાતાવેદનીય કર્મ મધ્યે અલ્પ માત્ર (-અવિદ્યમાન જેવું) અશાતાવેદનીય કર્મ વર્તે છે ત્યાં ક્ષુધા-તૃષાની લાગણી ક્યાંથી હોય? ક્ષુધા-તૃષાના સદ્ભાવમાં અનંત સુખ, અનંત વીર્ય વગેરે ક્યાંથી સંભવે? આમ વીતરાગ સર્વજ્ઞને ક્ષુધા (તથા તૃષા) નહિ હોવાથી તેમને કવલાહાર પણ હોતો નથી. કવલાહાર વિના પણ તેમને (અન્ય મનુષ્યોને અસંભવિત એવાં) સુગંધિત સુરસવાળાં, સપ્તધાતુરહિત પરમૌદારિક શરીરરૂપ નોકર્માહારને યોગ્ય, સૂક્ષ્મ પુદ્ગલો પ્રતિક્ષણ આવે છે અને તેથી શરીરસ્થિતિ રહે છે.

ભૂખ લાગે ને કોળિયાથી આહાર કરે એને ભગવાન કહેવાય નહિ. ભગવાનને ક્ષણે ક્ષણે પુણ્યના ઉદયથી અમુક પ્રકારના એવાં રજકણો આવે છે કે જેથી શરીર એવું ને એવું રહે છે. ઇંદ્રને રોગ ન થાય, ઇંદ્રને હજારો વર્ષે આહારની વૃત્તિ થાય, તો ઇંદ્ર દ્વારા પૂજ્ય એવા સર્વજ્ઞ ભગવાનને રોગ કે આહાર હોય-એ કેમ બને? ભગવાનને ક્ષુધા કે આહાર કે રોગ વગેરે કોઈ દોષ હોય જ નહિ. તેમને વેદનીય કર્મ છે, પણ મોહ નથી. એટલે તે વેદનીયકર્મ તો બળી ગયેલી સીંદરી જેવું છે. તે ક્ષુધા, તૃષા ઉપજાવવા સમર્થ નથી.

જુઓ, શ્રીમદ્ પણ કહે છે કે:—

"વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં, બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો."

ભગવાનને ચાર અઘાતિ કર્મો પડયાં છે, પણ જેમ બળેલી સીંદરી બાંધવાનું કાર્ય ન કરી શકે, તેમ તે વેદનીયકર્મ મોહના અભાવમાં ક્ષુધા-તૃષાનું નિમિત્ત થતું નથી. નીચલી દશાના જીવોને પણ મોહ તે જ દુઃખનું કારણ છે. પૂર્ણ દશા થતાં મોહનો અભાવ થયો ત્યાં ક્ષુધા-તૃષાનું દુઃખ હોતું નથી ને આહારપાણી હોતાં નથી. ભગવાનને નિહાર તો જન્મથી જ હોતો નથી ને ભગવાનના માતા-પિતાને પણ નિહાર હોતો નથી.

વળી પવિત્રતાને અને પુણ્યને એવો સંબંધ હોય છે અર્થાત્ ઘાતિ કર્મોના અભાવને અને બાકી રહેલાં અઘાતિ કર્મોને એવો સહજ સંબંધ હોય છે કે વીતરાગ સર્વજ્ઞને તે બાકી રહેલાં અઘાતિકર્મોના ફળરૂપ પરમૌદારિક શરીરમાં જરા, રોગ અને પરસેવો હોતાં નથી.

વળી કેવળી ભગવાનને ભવાંતરમાં ઉત્પત્તિના નિમિત્તભૂત શુભાશુભ ભાવો નહિ હોવાથી તેમને જન્મ હોતો નથી; અને જે દેહવિયોગ પછી ભવાંતર પ્રાપ્તિરૂપ જન્મ થતો નથી તે દેહવિયોગને મરણ કહેવાતું નથી.

આ રીતે વીતરાગ સર્વજ્ઞ અઢાર દોષરહિત છે. એ જ રીતે અન્ય શાસ્ત્રમાં ગાથા દ્વારા કહ્યું છે કે:—

[ગાથાર્થ:] "તે ધર્મ છે જ્યાં દયા છે, તે તપ છે જ્યાં વિષયોનો નિગ્રહ છે, તે દેવ છે, જે અઢાર દોષરહિત છે; આ બાબતમાં સંશય નથી."

રાગ-દ્વેષ-મોહ ભાવની ઉત્પત્તિ થાય તેટલી આત્માની હિંસા છે ને ચૈતન્યસ્વભાવનું ભાન કરીને રાગ-દ્વેષ-મોહની ઉત્પત્તિ જ ન થવા દેવી તેનું નામ દયા છે. પોતાના આત્માને હિંસાના ભાવોથી બચાવવો તેનું નામ દયા છે. પરને તો કોઈ મારી કે બચાવી શકતો નથી. પોતાના શુદ્ધ ચૈતન્યની કષાયભાવવડે હિંસા ન થવા દેવી તે જ દયા ધર્મ છે.

ચૈતન્યના ભાનમાં એકાગ્ર થતાં જ્યાં વિષયનો નિગ્રહ થઈ જાય છે તેનું નામ તપ છે. જે ક્ષુધાદિક અઢાર દોષથી રહિત હોય તે જ દેવ છે. આ બાબતમાં સંશય નથી. આવા અઢાર દોષરહિત નિર્દોષ પરમાત્માને ઓળખીને તેમની શ્રદ્ધા કરવા જેવી છે.

વળી શ્રી વિદ્યાનંદસ્વામીએ શ્લોક દ્વારા કહ્યું છે કે :—

**[ શ્લોકાર્થ :— ] ઇષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે. ( અર્થાત્ મુક્તિની પ્રાપ્તિનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે ), સુબોધ સુશાસ્ત્રથી થાય છે, સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય છે; માટે તેમના પ્રસાદને લીધે આપ્તપુરુષ બુધજનો વડે પૂજવાયોગ્ય છે ( અર્થાત મુક્તિ સર્વજ્ઞ દેવની કૃપાનું ફળ હોવાથી સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ વડે પૂજનીય છે ), કેમ કે કરેલા ઉપકારને સાધુ પુરુષો ( સજ્જનો ) ભૂલતા નથી.**

જુઓ, આ બહુ સરસ શ્લોક છે.

આ વિદ્યાનંદીસ્વામી મહા નિર્ગ્રંથ સંત હતા, આત્માના આનંદમાં છઠ્ઠી-સાતમી ભૂમિકામાં ઝૂલતા હતા, તેમણે આ શ્લોક રચ્યો છે. તેમાં કહે છે કે :- ઇષ્ટફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે.

ઇષ્ટ ફળ એટલે મોક્ષ. આત્માને ઇષ્ટ તો પૂર્ણ આનંદની પ્રાપ્તિરૂપ મુક્ત દશા જ છે. પૈસા મળે કે પુત્ર મળે તે ખરેખર આત્માનું ઈષ્ટ નથી, તેમાં આત્માનું સુખ નથી. જેમાં ચૈતન્યના પરમ આનંદની પ્રાપ્તિ થાય તેવી મુક્તદશા જ અમને ઇષ્ટ છે. પુણ્ય બંધાય ને સ્વર્ગનું ઇન્દ્રપદ મળે તેને ધર્મી પોતાનું ઇષ્ટફળ માનતા નથી. જેને આત્મા વહાલો છે તેને તો મુક્ત દશા જ ઇષ્ટ ફળ છે. મુક્તિ સિવાય જેને કોઈ પણ પર ચીજ ઇષ્ટ લાગે-વહાલી લાગે તેને મોક્ષ ઇષ્ટ નથી, પણ સંસાર ઇષ્ટ છે, એટલે તે મિથ્યાદૃષ્ટિ છે. અમારું વહાલામાં વહાલું ઇષ્ટફળ તો મોક્ષપદ છે, ને તે મોક્ષફળની પ્રાપ્તિનો ઉપાય તો સુબોધ છે. ચૈતન્યસ્વભાવનું સમ્યગ્જ્ઞાન કર્યા સિવાય લાખ ઉપાયે પણ મુક્તિ થતી નથી. દુઃખ શું છે ? કે ચૈતન્યનો વિકૃતભાવ તે દુઃખ છે. ચૈતન્યના ભાન વડે તે વિકૃતિ ટાળી દેતાં સહજ આનંદ રહી જાય છે, તેનું નામ મુક્તિ છે. એવી પરમાનંદમય મુક્તદશાનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે. લૌકિક ડહાપણ કે બુદ્ધિનો ઉઘાડ તેને ખરેખર સુવિદ્યા કહેતા જ નથી, એકલા શાસ્ત્રના ભણતરને પણ સુવિદ્યા કહેતા નથી. સુવિદ્યા તો તેને કહેવાય કે સર્વજ્ઞ ભગવાને કહેલો આત્માનો સ્વભાવ શું ને પરભાવ શું ? તે સમજે તેને સુવિદ્યા કહેવાય. એવો સુબોધ જ મુક્તિનું કારણ છે.

આત્મસિદ્ધિમાં શ્રીમદ્ પણ કહે છે કે:—"સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય."

સમજણ એટલે કે સુબોધ એ જ મુક્તિનો ઉપાય છે. આત્માની ચિર સ્થાયી શાંતિનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે. તે સમ્યગ્જ્ઞાન કેમ થાય? તો કહે છે કે તે સુબોધ સુશાસ્ત્રથી થાય છે. સર્વજ્ઞ પરમાત્માની ધ્વનિમાં કહેલું તત્ત્વ બતાવે તે સુશાસ્ત્ર છે, તે જ સમ્યગ્જ્ઞાનનું કારણ છે. એ સિવાય કુશાસ્ત્રથી સમ્યગ્જ્ઞાન થાય નહિ. સુશાસ્ત્ર જ સુબોધનું નિમિત્ત થાય છે. જે સમજે તેને તે નિમિત્ત થાય છે.

સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્ત એવા સર્વજ્ઞદેવથી થાય છે. સર્વજ્ઞને સામાન્ય ભાષા ન હોય પણ ઓ...મ્ એવો સહજ ધ્વનિ તે સાંભળનારા સૌ પોત પોતાની લાયકાત પ્રમાણે સમજી જાય છે. એવા સર્વજ્ઞની વાણી તે સુશાસ્ત્ર છે. તે જ સમ્યગ્જ્ઞાનનો ઉપાય છે. એ રીતે મુક્તિ માટે સર્વજ્ઞનો નિર્ણય કરવો જોઈએ. તેમણે કહેલા તત્ત્વનો નિર્ણય કરીને સમ્યગ્જ્ઞાન કરવું જોઈએ. સર્વજ્ઞે કહેલું જિનેન્દ્રશાસન તે વસ્તુનો સ્વભાવ છે. સર્વજ્ઞની વાણીની પરંપરા ઝીલીને સંતોએ જે વાત કરી તે પણ ભગવાનની જ વાણી કહેવાય છે.

સર્વજ્ઞની સત્તાનો નિર્ણય કરવો જોઈએ. જેને સર્વજ્ઞનો નિર્ણય નથી, તેને શાસ્ત્રનો નિર્ણય નથી, શાસ્ત્રના નિર્ણય વિના સમ્યગ્જ્ઞાન થાય નહિ, ને સમ્યગ્જ્ઞાન વિના મોક્ષ ન થાય.

આ રીતે સર્વજ્ઞના પ્રસાદથી જ સુશાસ્ત્રની ઉત્પત્તિ અને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે માટે તેઓ જ પૂજ્ય છે. પોતે પોતાની લાયકાતથી સમ્યગ્જ્ઞાન પ્રગટ કર્યું ત્યાં નિમિત્તમાં આરોપ કરીને કહે છે કે હે નાથ! આપના જ પ્રસાદથી હું સમ્યગ્જ્ઞાન પામ્યો. આપે જ અમને સમ્યગ્જ્ઞાન આપ્યું.

આત્મસિદ્ધિમાં કહે છે:—"તે તો પ્રભુએ આપીયો........."

શું આનો આત્મા ગુરુ પાસે હતો? શું આત્મા કોઈ કોઈને અપાતો હશે? પણ પહેલાં પોતાને પોતાનું ભાન ન હતું અને હવે ગુરુના ઉપદેશથી તે ભાન થયું, તેથી વિનયપૂર્વક કહે છે કે હે નાથ! આપે તો પરમકૃપા કરીને મને આત્મા આપ્યો. આવું નિમિત્તનું કથન છે.

અહીં તો કહ્યું કે પરમ ઇષ્ટ એવી મુક્તિ તે સર્વજ્ઞદેવની કૃપાનું જ ફળ છે. કેમ કે સર્વજ્ઞદેવથી જ શાસ્ત્રની ઉત્પત્તિ થાય છે ને શાસ્ત્રથી જ સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ થાય છે, તે સમ્યગ્જ્ઞાન જ મોક્ષનું કારણ છે. એ રીતે મોક્ષનું બીજ સર્વજ્ઞ ભગવાન છે. માટે તે સર્વજ્ઞદેવ જ બુધ પુરુષો વડે પૂજવાયોગ્ય છે, કેમ કે કરેલા ઉપકારને સજ્જનો ભૂલતા નથી. પોતાને રાગ છે ત્યાં સુધી ઉપકારી પ્રત્યે બહુમાનનો ભાવ આવ્યા વિના રહેતો નથી. (-ક્રમશઃ) —૦—

[ મૂંઝવણમાંથી માર્ગ પાનું ૬ થી ચાલુ ]

જાય. મારે જે કરવાનું છે તે હજુ બાકી રહી જાય છે—એથી ઊંડી ખટક નિરંતર રહ્યા જ કરે. જેમ બાળક તેની બાથી છૂટું પડી જાય ને તેને જે કોઈ પૂછે તેને મારી બા, મારી બા, એ એક જ જવાબ દે; તેમ સમકિતી બહારમાં પણ જોડાયો દેખાય છતાં જ્ઞાયક, જ્ઞાયક—દૃષ્ટિમાંથી છૂટતો નથી. મુમુક્ષુને પણ ઉલ્લાસના કાર્યમાં જોડાવા છતાં અંદરમાં નિરંતર ઊંડી ખટક રહ્યા જ કરે કે મારે જે કરવાનું છે તે બાકી રહી જાય છે.

ભગવાન આત્મા સિવાય સમ્યગ્દૃષ્ટિને કોઈ ચીજમાં સંતોષ થતો નથી. મુમુક્ષુને પણ અંદર જ્ઞાયક વસ્તુ હાથ ન આવી હોવાથી બહાર ક્યાંય સંતોષ થતો નથી. વસ્તુ હાથ ન આવી હોવાથી મૂંઝવણ તો થાય; પણ આડો-અવળો નહીં જતાં મૂંઝવણમાંથી તે માર્ગ શોધી કાઢે છે.

—૦—

નવરંગપુરા (અમદાવાદ) માં

## શ્રી જિનબિંબ–પંચકલ્યાણક–પ્રતિષ્ઠામહોત્સવ

[તા. ૨૪-૨-૮૫ થી તા. ૩-૩-૮૫]

શ્રી નવરંગપુરા દિ. જૈન મુમુક્ષુમંડળના મંત્રી તેમનાં પત્રમાં જણાવે છેઃ—

અત્યંત આનંદોલ્લાસ સહ નિવેદન કે વીતરાગમાર્ગપ્રભાવક અધ્યાત્મતત્ત્વરત્ન પરમોપકારી પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની મંગલ ઉપસ્થિતિમાં જેનો શિલાન્યાસમહોત્સવ અતિ આનંદપૂર્વક સંપન્ન થયો હતો તે નવરંગપુરાના નૂતન દિગંબર જિનમંદિરનું નિર્માણ કાર્ય પૂરું થઈ ગયું છે; અને તે જિનમંદિરમાં બિરાજમાન થનારા વીતરાગ દિગંબર જિનબિંબોની પંચકલ્યાણકપુરઃસર પાવન પ્રતિષ્ઠા કરી લેવાનો અમારા મુમુક્ષુમંડળે નિર્ણય કર્યો છે. તે મંગલ પ્રતિષ્ઠાનું મુહૂર્ત ફાગણ સુદ ૧૧, રવિવાર, તા. ૩–૩–૧૯૮૫ ના શુભ દિને આવ્યું છે. આ શુભ પ્રતિષ્ઠામહોત્સવ ફાગણ સુદ ૫, રવિવાર, તા. ૨૪–૨–૮૫ થી શરૂ થઈને આઠ દિવસ ચાલશે. જિનેન્દ્રભક્ત સમસ્ત મુમુક્ષુઓને આ ઉત્સવનો લાભ લેવા વિનંતી છે.

# * પરદ્રવ્યને ને આત્માને કાંઈ પણ સંબંધ નથી *

પરદ્રવ્યને ને આત્માને સઘળોય સંબંધ નથી. આત્માને ને પરદ્રવ્યને કાંઈ સંબંધ નથી. પૈસા, મકાન, સ્ત્રી કે પુત્ર આદિ પરદ્રવ્ય સાથે આત્માને કાંઈ સંબંધ નથી. કોઈ પણ પદાર્થ નકામો એટલે કે પોતાની પર્યાયરૂપી કાર્ય વિનાનો નથી તેથી બીજો પદાર્થ બીજાને કરે શું?

પ્રભુ! તું તો જ્ઞાનસ્વરૂપી છો ને! નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બોલાય પણ એક ચીજ ને બીજી ચીજ વચ્ચે અભાવ છે. આ શરીર તો જડ છે, જડને ને આત્માને કાંઈ સંબંધ નથી. જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ છે તે વ્યવહાર છે. નિશ્ચયથી તો પોતે જ જ્ઞાતા, જ્ઞેય ને જ્ઞાન છે. પરને જાણવા કાળે પોતાની જ્ઞાનની પર્યાયને જાણે છે. જ્ઞાનની પર્યાયના સામર્થ્ય વડે સ્વ ને પર જણાય છે. પરને લઈને જાણે છે એમ પણ નથી.

આંખની પાંપણને, જીભને કે આંગળીને અને આત્માને કાંઈ સંબંધ નથી હરેક પરમાણુ પોતાની હરેક પર્યાયથી પરિણમતા ટકી રહ્યા છે, તેને પરદ્રવ્ય કરે શું?

આહાહા! આવી વાત છે! દુનિયાથી મરે તો તે જીવતો થાય તેવું છે, એટલે કે દુનિયા સાથે મારે કાંઈ સંબંધ નથી એમ પરથી મરે તો તે જીવતો થાય એવું છે. પરંતુ અરેરે! આ વાત કોઈ દિ' કાને પડી ન હોય ને દિ' આખો ધંધાની મજૂરીમાં જીવન ગુમાવે છે! આત્માને ને સર્વ પરદ્રવ્યને કાંઈ સંબંધ નથી. પરદ્રવ્યને પણ એક બીજા સાથે કાંઈ સંબંધ નથી પણ અહીં આત્માની વાત લીધી છે કે આત્માને અને પરદ્રવ્યને કાંઈ સંબંધ નથી.

શ્રી અમૃતચંદ્રાચાર્ય એમ કહે છે કે नास्ति सर्वोऽपि संबंधः। આત્માને પરદ્રવ્ય સાથે સઘળોય સંબંધ નથી, તારા આત્માને ને પ્રશંસાને કાંઈ સંબંધ નથી. જે ક્ષેત્રે જે દ્રવ્યની જે પર્યાય થવાની હોય તે થઈને રહે તેને ને પરદ્રવ્યને કાંઈ સંબંધ નથી, પરદ્રવ્યની વ્યવસ્થાને મેં કરી—એમ માનનારાએ જ્ઞાનસ્વરૂપી આત્માને મારી નાખ્યો છે. બીજાના કાર્ય મેં કર્યા—એમ જેણે ભ્રમણા કરી છે તેણે જ્ઞાતાદૃષ્ટા પ્રભુને જાણનારો ન માનતા તેનો અનાદર કરીને મારી નાખ્યો છે. અહીં તો કહે છે કે આઠે કર્મનો નાશ આત્મા કરી શકતો નથી, કેમ કે પરદ્રવ્યને ને આત્માને જરી પણ લાળ-લાંતરે પણ સંબંધ નથી. એમ કર્તાકર્મપણાનો અભાવ હોતા આત્માને પરદ્રવ્યનું કર્તાપણું ક્યાંથી હોય?

બાપને ને દિકરાને કાંઈ સંબંધ છે નહીં; એ તો મોહરૂપી મદીરા પીધો છે. આત્માને ને પરદ્રવ્યને કાંઈ પણ સંબંધ નથી. આત્માને ને પરદ્રવ્યને કાંઈ પણ સંબંધ ન હોવાથી, આત્માને પરદ્રવ્યનું કર્તાપણું ક્યાંથી હોય?

ભગવાન આત્મા જ્ઞાન, દર્શન, આનંદ આદિના ભાવથી સર્વાંગે ભરેલો છે, તેને ને પરદ્રવ્યને કાંઈ પણ સંબંધ નથી, તેથી તેને કર્તાકર્મપણાનો સંબંધ ક્યાંથી હોય ? ને પરદ્રવ્ય સાથે કર્તાકર્મનો સંબંધ ન હોવાથી પરદ્રવ્યનું કર્તાપણું આત્માને નથી. પોતાનું કાર્ય કરવા માટે આત્મા મહા પુરુષાર્થી છે પણ પરદ્રવ્યનું કરવા માટે આત્મા પાંગળો છે.

—શ્રી સમયસાર કળશ ૨૦૦ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી

—o—

પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સમાધિ દિન પ્રસંગે સોનગઢમાં પાંચ દિવસનો

## * ધાર્મિક કાર્યક્રમ *

તા. ૧૧–૧૧–૮૪ થી તા. ૧૫–૧૧–૮૪

આપણા પરમ તારણહાર, પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પુણ્ય સમાધિનો ચતુર્થ વાર્ષિક દિન વિ. સં. ૨૦૪૧, કારતક વદ ૭, ગુરુવાર, તા. ૧૫–૧૧–૮૪ના રોજ છે. પરમ કલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવના દુઃખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા. ૧૧–૧૧–૮૪ રવિવારથી તા. ૧૫–૧૧–૮૪, ગુરુવાર—એમ પાંચ દિવસ સુધી 'ધાર્મિક કાર્યક્રમ'—શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, જિનેન્દ્ર તેમ જ ગુરુભક્તિ, પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસઝરતા ટેપ તથા વિડિયો-પ્રવચન અને સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન વગેરે વિવિધ કાર્યક્રમ—રાખવામાં આવ્યો છે.

અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય તેમ જ ગુરુભક્તિનો લાભ લેવા માટે આ અવસરે ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુ ભાઈબહેનોને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી સોનગઢ પધારવાનું હાર્દિક આમંત્રણ છે. આ પ્રસંગે પધારવાથી આપ સર્વને પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિમાં બિરાજમાન જિનેન્દ્રભગવંતોનાં દર્શન-પૂજન-ભક્તિનો તથા પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં દર્શન વગેરેનો પણ અમૂલ્ય લાભ મળશે. *

## 'ગુરુદેવશ્રીનાં વચનામૃત'નાં આરસપટની
## * સંસ્થાપનવિધિ સુસંપન્ન *

શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયની નીચેની દિવાલોમાં લગાવવામાં આવનાર 'ગુરુદેવશ્રીનાં વચનામૃત'નાં ધવલ આરસપટ ચોડવાના શુભારંભની મંગલ વિધિ આસો વદ ૨, ગુરુવાર, તા. ૧૧-૧૦-૮૪ ના દિને પ્રશમમૂર્તિ ધન્યાવતાર ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની મંગલ ઉપસ્થિતિમાં સાનંદ સંપન્ન થઈ. આ મંગલ પ્રસંગનો લાભ લેવા માટે ભાવનગર તથા રાજકોટ વગેરે અનેક ગામથી મુમુક્ષુઓ આવ્યા હતા. 'ગુરુદેવશ્રીનાં વચનામૃત'નાં આરસપટ ઉપર સ્વસ્તિક લેખનવિધિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રીનાં કરકમળે થઈ હતી અને સંસ્થાપનની મંત્રવિધિ આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહે કરાવી હતી. આ શુભ પ્રસંગે મુમુક્ષુઓમાં કોઈ અનેરો આનંદોત્સાહ વર્તતો હતો. આરસપટનું સંસ્થાપન કરવાની ઉછામણી તથા આ શુભ વિધિની ખુશાલીમાં રૂા. ૪૮૦૦૦ની સંસ્થાને આવક થઈ હતી. મુમુક્ષુઓના ઉત્સાહમાં પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે અનન્ય ભક્તિ તથા પરમપૂજ્ય ગુરુદેવનો મંગલમય પ્રભાવના-ઉદય તરી આવતાં હતાં.

**વૈરાગ્ય સમાચારઃ—**

* જામનગરનિવાસી શ્રી જેઠાલાલ કેશવજી શાહ (વર્ષ-૮૫) તા. ૨૦-૯-૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમદાવાદનિવાસી શ્રી કાંતીલાલ જમનાદાસ શાહ (૭૦ વર્ષ લગભગ) તા. ૨૭-૯-૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા ઘણા વર્ષો દરમિયાન સોનગઢમાં ઘણો વખત રહીને કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મ-અમૃત વાણીનો લાભ લીધો હતો.

* લાઠીનિવાસી (હાલ-વિલેપારલે) શ્રી શિવકુંવરબેન નાગરદાસ ભાયાણી (વર્ષ-૮૫) તા. ૨૭-૯-૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણશહેરનિવાસી શ્રી જેકુંવરબેન નાગરદાસ શેઠ (વર્ષ-૯૦) તા. ૩-૧૦-૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગરનિવાસી (હાલ-મુંબઈ) શ્રી નટવરલાલ ચુનીલાલ વોરા (વર્ષ-૫૦) તા. ૫-૧૦-૮૪ ના રોજ મુંબઈ મુકામે લોકલ ટ્રેઈનમાં હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘણી નાની ઉંમરથી જ સોનગઢના સત્સમાગમનો લાભ પામ્યા હતા.

* વિંછીયાનિવાસી (હાલ-ઘાટકોપર) શ્રી હીરાલાલ ભાયચંદ ડગલી (વર્ષ-૬૦) તા. ૧૦-૧૦-૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ગોંડલનિવાસી શ્રી પ્રભાબેન અમૃતલાલ દોશી (વર્ષ-૮૫) [તે શ્રી મદ્રાસવાળા બાબુભાઈ દોશીના માતુશ્રી) તા. ૧૧-૧૦-૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

## સર્વોત્કૃષ્ટ ઉપકારી શ્રીગુરુના વિયોગ સમયે શિષ્યની કૃતજ્ઞતાની પ્રસિદ્ધિ તથા વિરહ-વ્યથાનું વેદન

હે ભગવન્ ! અમે અસંજ્ઞીની માફક હિત અહિત, માર્ગ અમાર્ગ, ધર્મ અધર્મને જાણતા ન હતાં, તે આપના ચરણકમળના આશ્રય વડે અમે અમારૂં હિત અહિત, માર્ગ અમાર્ગ, ધર્મ અધર્મ જાણ્યા. માટે આપે અમને મન સહિત કર્યા.

વળી અમે અનાદિથી બહેરાની માફક હિત અહિત સાંભળ્યું ન હતું, તે આપની કૃપાથી હિત અહિત શ્રવણ કરીને હિત અહિત જાણ્યું, માટે આપે અમને કાન સહિત કર્યા.

વળી હે ભગવન્ ! અમે અનાદિથી સ્વપરનું સ્વરૂપ નહિ દેખવાથી અંધ સમાન હતાં. તે આપના ચરણકમળના પ્રસાદથી અમે સર્વ પદાર્થોનું સ્વરૂપ જોયું તેથી આપે અમને જ્ઞાન-નેત્ર સહિત કર્યા.

વળી હે ભગવન્ ! જેવી રીતે કોઈ માર્ગ ભૂલી જઈને ભયંકર વનમાં મરણતુલ્ય થઈને ભટકતો હોય તેમ અમે પણ અમારૂં હિત જે મોક્ષ-તેનો માર્ગ ભૂલી, અનંતાનંતકાળથી મરણતુલ્ય થઈને સંસારમાં ભટકતા હતાં, તેને આપે મોક્ષના માર્ગમાં એવી રીતે લગાવી દીધા કે જેથી ખેદ વગર અમે મોક્ષનગર પહોંચી જઈશું. આવો સર્વોત્કૃષ્ટ ઉપકાર આપે અમારા ઉપર કર્યો, હવે આપના વિયોગથી અમારી દશે દિશા શૂન્ય થઈ ગઈ-અંધકાર થઈ ગયો ! (શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૩૮૪)

* * *

[ પંચકલ્યાણક પ્રતિષ્ઠા......પાનું ૨ થી ચાલુ ]

આ મહોત્સવને ખૂબ જ સારી રીતે સફળ બનાવવા તેમ જ તેની સુવ્યવસ્થા કરવા અનેક કમિટિઓનું આયોજન કરવાના હેતુએ પૂજ્ય ગુરુદેવશ્રીના વાર્ષિક સમાધિ-સમારોહ પ્રસંગે વિ. સં. ૨૦૪૧, કારતક વદ ૫, મંગળવાર, તા. ૧૩-૧૧-૮૪ના રોજ સોનગઢમાં કાર્યકરોની એક મિટિંગ પણ રાખવામાં આવી છે.

## * આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ *

૨૦૧૧ શ્રી ગુલાબચંદભાઈ બી. મેવાણી મુંબઈ
૨૦૧૨ ,, ડો. કે. એ. ખોખાણી અમદાવાદ
૨૦૧૩ ,, ઝવેરચંદ મુલજીભાઈ લંડન
૨૦૧૪ ,, તરુણકુમાર મોહનલાલ શાહ મુંબઈ
૨૦૧૫ ,, સુધાબેન ખંઢેરીયા "આચાર્યા" ધ્રોળ
૨૦૧૬ ,, મધુબેન ધીરજલાલ પારેખ પુના
૨૦૧૭ ,, શાહ રાજુભાઈ લહેરચંદ ભાવનગર
૨૦૧૮ ,, પ્રતાપરાય નાગરદાસ ભાયાણી મુંબઈ
૨૦૧૯ ,, રાજેશભાઈ નેણશી વીરા મુંબઈ
૨૦૨૦ ,, સેવંતીલાલ મનસુખલાલ મહેતા મુંબઈ
૨૦૨૧ ,, હેમંત આર. ગાંધી મુંબઈ
૨૦૨૨ ,, રસિકલાલ કેશવલાલ શાહ અમદાવાદ
૨૦૨૩ ,, કરમશી ગોવીંદજી શાહ ઔરંગાબાદ
૨૦૨૪ ,, વસંતભાઈ જે. બેનાણી રાજકોટ
૨૦૨૫ ,, મોહનલાલ એમ મહેતા મુંબઈ
૨૦૨૬ ,, જસવંતરાય ર. ગોસલીયા ગઢડા
૨૦૨૭ ,, પ્રવીણચંદ્ર ગુલાબચંદ કોઠારી રાજકોટ
૨૦૨૮ ,, રજના મધુકરભાઈ મહેતા મુંબઈ
૨૦૨૯ ,, ભીખુભાઈ ભીમજીભાઈ પટેલ સુરત
૨૦૩૦ ,, ધીરજલાલ સવજીભાઈ પટેલ સુરત
૨૦૩૧ ,, દિપકભાઈ વાડીલાલ ભાયાણી મુંબઈ
૨૦૩૨ ,, પૂનમચંદભાઈ ખારા નાગપુર
૨૦૩૩ ,, મેસર્સ કોઠારી મેટલ ભંડારા
૨૦૩૪ ,, પોપટલાલ પુંજાભાઈ શાહ વસઈ

આજીવન સભ્ય ફી ૩૦૧-

Licence No. 3
'Licensed to post
without prepayment'

To,
1877 A Shree Nayanaben H. Ajmera
Modi No. 2
opp. Shree Takies, Sita Burday
NAGPUR (M. S.)

If undelivered please return to
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ (કાનજીસ્વામીનું) પીન : ૩૬૪૨૫૦

ભાઈ! તું વિશ્વાસ લાવ! કે મારા સ્વભાવના આનંદ આગળ બધી પ્રતિકૂળતા અને આખી દુનિયા ભૂલાઈ જાય એવી અદ્ભૂત વસ્તુ હું છું. હું વર્તમાનમાં પરમાત્મા જ છું, મારે અને પરમાત્માને કાંઈ ફેર નથી —એમ વિશ્વાસ આવતા ફેર છૂટી જશે ને પર્યાયમાં પરમાત્મા પ્રગટ થઈ જશે.

—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી

કહાન સંવત-૪ [૪૯૩] * આત્મધર્મ * [અંક-૫ વર્ષ-૪૧] નવેમ્બર ૧૯૮૪

સંપાદક : નાગરદાસ બી. મોદી, સોનગઢ તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
મુદ્રક : સુમતિ પ્રીન્ટીંગ પ્રેસ, સોનગઢ (કાનજીસ્વામીનું) PIN : 364 250
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) 364 250